વર્ષ : ૪૦ ✦ અંક : ૬
જૂન - ૨૦૧૬


Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

## પ્રતાપી પુરુષના લક્ષણો



(૧) નિરાબાધપણે જેની મનોવૃત્તિ વહ્યા કરે છે;

(૨) સંકલ્પ-વિકલ્પની મંદતા જેને થઈ છે;

(૩) પંચ વિષયથી વિરક્ત બુદ્ધિના અંકુરો જેને ફૂટ્યા છે;

(૪) ક્લેશનાં કારણ જેણે નિર્મૂળ કર્યાં છે;

(૫) અનેકાંત દૃષ્ટિયુક્ત એકાંત-દૃષ્ટિને જે સેવ્યા કરે છે;


(૬) જેની માત્ર એક શુદ્ધ વૃત્તિ જ છે;

તે પ્રતાપી પુરુષ જયવાન વર્તો.
આપણે તેવા થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

- પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org


## આદ. શ્રી પ્રતાપભાઈ મહેતા (પૂના)ના નિવાસસ્થાને ભગવાનની પ્રતિમાજી તથા પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના વેળાએ (તા. ૯-૫-૨૦૧૬)















-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) સુધારસ - એક વિચારણા... પૂ.શ્રી આત્માનંદજી..... ૬

(૩) પ્રતિક્રમણ : કર્મોની અગ્નિપરીક્ષા ...........
...................... ડૉ. કુમારપાળ દેસાઈ..... ૯

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન. પ્રા.ચંદાબહેન પંચાલી.... ૧૧

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન..પૂજ્ય બહેનશ્રી ... ૧૪

(૬) શ્રી આનંદઘન ચોવીશી...શ્રી અશોકભાઈ શાહ.... ૧૬

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર.... ૨૦

(૮) સમ્યક્જ્ઞાન ..............બા.બ્ર.શ્રી સુરેશજી.... ૨૪

(૯) અસંકુચિતવિકાસત્વશક્તિ .શ્રી વલભજી હીરજી.... ૨૭

(૧૦) હલો ! હું શેતાન જુનિયર બોલું છું !............ ૨૮

(૧૧) આપણા વૃક્ષ પર સુખનું ફૂલ ................
......................... શ્રી ધૂની માંડલિયા.... ૩૧

(૧૨) ઉદય (કર્મોદય) ..........................
........ સંકલન : શ્રી નવનીતભાઈ પી. શાહ.... ૩૨

(૧૩) સમાજ-સંસ્થા દર્શન............................ ૩૫



**વર્ષ : ૪૦ જૂન, ૨૦૧૬ અંક - ૬**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



## પ્રાર્થના

હે પ્રભુ !

મને તમારા પ્રભાવથી નીચેના વરદાન મળો.


૧. તમારા પ્રભાવથી મને સંસાર પર કંટાળો - નિર્વેદ થાઓ
૨. માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાઓ.
૩. ઈષ્ટફળની સિદ્ધિ થાઓ.
૪. લોકવિરુદ્ધ વર્તનનો ત્યાગ થાઓ.
૫. ગુરુજનોની પૂજા-વિનય પ્રાપ્ત થાઓ.
૬. પરોપકાર કરવાની વૃત્તિ થાઓ.
૭. સંસારમાં છું ત્યાં સુધી સદ્‌ગુરુનો યોગ, તેમના વચનોનો યોગ અને તેમની સેવા મળો — અખંડપણે મળો.
૮. મને ભવોભવ તમારા ચરણોની સેવા હોજો.
૯. હું સુખમાં છકી ન જાઉં અને દુઃખમાં હિંમત ન હારી જાઉં એવી શક્તિ આપજો.
૧૦. મારા સકલ કર્મનો ક્ષય થાઓ.
૧૧. મને મરણ સમયે સમાધિભાવ મળો.
૧૨. મને બોધિનો લાભ મળો - રત્નત્રયની પ્રાપ્તિ થાઓ.
૧૩. સંસારમાં રહેવું પડે ત્યાં સુધી જળકમળવત્ રાખજે.

હે પ્રભુ ! મેં માંગ્યું છે તારી પ્રભુતા જોઈને.
તારી પ્રભુતા પર મને પૂરો વિશ્વાસ છે.
સર્વમંગલોમાં ઉત્તમ મંગલસ્વરૂપ,
સર્વ કલ્યાણોનું એકમાત્ર કારણ અને
સર્વધર્મોમાં પ્રધાન એવું જૈનશાસન જય પામે છે.

**।। ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।।**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક - ૨૧૩

**મુંબઈ, ફાગણ સુદ ૪, શનિ, ૧૯૪૭**

### પુરાણપુરુષને નમોનમઃ

આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.

સંસાર કેવળ અશાતામય છે. કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઇ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.

ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં પણ એવી કોઈ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરુષને અમે ફરી ફરી સ્તવીએ છીએ.

એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે; તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે, એવાં સત્પુરુષનાં અંતઃકરણ, તે જોઈ અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ.

હે પરમાત્મા ! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય. તેમ છતાં જૈન ગ્રંથોમાં ક્વચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય; તો આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ, અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષના જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.

હે પુરુષપુરાણ ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી, અને તારાથી પણ સરળ છે, માટે હવે તું કહે તેમ કરીએ ?

હે નાથ ! તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરુષને વિશેષ સ્તવીએ છીએ; જગત આખું તને સ્તવે છે; તો પછી અમે એક તારા સામા

**(અનુસંધાન પાના નં. ૮ પર...)**

# સુધારસ - એક વિચારણા

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



સુધા એટલે સુધારસ-સુધાની ધારા. ધારા તો પ્રવાહીની હોય. સુધારસનો વિષય ગંભીર છે. તેનો અનુબંધ બહુ ઓછા શાસ્ત્રોમાં છે. ટ્રેડિશનલ જૈન પરંપરામાં એ નથી, પણ નિશ્ચય સુધારસને પરંપરામાં સ્વસંવેદન કહેવામાં આવે છે. તે થોડું ઘનિષ્ઠ અને ઊંચી કક્ષાનું હોય છે એટલે તેને સ્વાનુભૂતિ કહેવામાં આવે છે તેની પૂર્ણતા કેવળજ્ઞાન થતાં થાય છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃત પત્રાંક-૧૯૭માં સુધારસ વિષે કહ્યું છે કે,

''જ્ઞાનના 'પરોક્ષ-અપરોક્ષ' વિષે પત્રથી લખી શકાય તેમ નથી; પણ સુધાની ધારા પછીનાં કેટલાંક દર્શન થયાં છે, અને જો અસંગતાની સાથે આપનો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે; કારણ કે તે ઘણું કરીને સર્વ પ્રકારે જાણ્યું છે.''

આ સુધારસનો અનુભવ ધ્યાન દરમ્યાન થાય છે. જ્યારે આપણે ધ્યાનનો અભ્યાસ કરીએ ત્યારે તેમાં બરાબર એકાગ્રતા આવે તે સમયે આપણા મુખમાંથી એક વિશેષ પ્રકારનો રસ ઝરે છે તે દ્રવ્યસુધારસ છે. આ સુધારસ ધ્યાન દરમ્યાન બધાને થાય જ એવો કોઈ નિયમ નથી, પણ થવાની સંભાવના છે અને થાય તો તે એક શુભ નિશાની ગણાય. જો સાધક તેમાં અટકી જાય તો તે સાધનામાં આગળ વધી શકે નહીં. આ દ્રવ્યસુધારસ તો ફક્ત Indication Milestone છે. જેમ કે વડોદરા જતાં વચ્ચે માઈલસ્ટોન આવે કે હવે વડોદરા ૧૫ કિ.મી. રહ્યું પણ તે માઈલસ્ટોન તે વડોદરા નથી. તે એવું સૂચિત કરે છે કે તમે સાચા રસ્તે છો અને હવે અહીંથી ૧૫ કિ.મી. ચાલશો એટલે વડોદરા આવશે. જેમ અકસ્માત્ કોઈ માઈલસ્ટોન ઉખડી ગયો હોય તો કાંઈ વડોદરા નહિ આવે એમ નથી, તેમ કોઈને જો દ્રવ્યસુધારસનો અનુભવ ન થાય તો તેનો અર્થ એમ નથી કે તે સાચા રસ્તે નથી. આવો અનુભવ કોઈને થાય પણ ખરો. અને ન પણ થાય. સાધના દરમ્યાન સાધકને ધ્યાનમાં આવા અનેક પ્રકારના જે - જે અનુભવો થાય છે તેનું વર્ણન 'સાધનાસોપાન' (પૂજ્યશ્રી લિખિત પુસ્તક)ના પાંચમાં અધ્યાયમાં કરેલ છે. તેમાં એકાગ્રતાની સાધના દરમ્યાન થતા વિવિધ અનુભવો, આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ તથા મહાત્માઓનું જીવનફળ વગેરે મુદ્દાઓની વિશેષ વિચારણા કરી છે. જેને ધ્યાનસાધનામાં વિશેષ રસ હોય તેમણે આગળના પ્રકરણના અનુસંધાનમાં આને વિશેષ સમજવું તથા તેનો અભ્યાસ કરવો. આપણે માત્ર દ્રવ્યસુધારસમાં અટકવાનું નથી, પણ દ્રવ્યસુધારસમાંથી ભાવસુધારસમાં જવાનું છે. ભાવસુધારસમાં જવા માટે એવું ચિંતન કરવું કે ધ્યાન દરમ્યાન જે એકાગ્રતા થઈ છે તે શેમાં થઈ છે ? એકલી એકાગ્રતાથી મોક્ષ ન થાય. શુદ્ધભાવ-શુદ્ધલક્ષમાં એકાગ્રતા થાય તો ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. ધ્યાનની સિદ્ધિ માટે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ત્રણેય જોઈએ. આ ત્રણેય દ્વારા પરિપક્વ થયેલ સાધક જ્યારે તેનાથી આગળ શુદ્ધ આત્મદ્રવ્યનો લક્ષ કરે ત્યારે ચિત્તની શુદ્ધિ અને એકાગ્રતા બંને થાય. આ બંનેનો યોગ્ય સમન્વય થાય ત્યારે સ્વસંવેદનજ્ઞાન અથવા આત્માનો અનુભવ પ્રગટે. અભ્યાસી સાધકે આના માટે 'શ્રી સમયસાર' ગાથા - ૧૪૪ની ટીકા વાંચવી અથવા પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃત પૃષ્ઠ સંખ્યા ૮૦૦ પર આંક ૨૯ લખ્યો છે તેનો અભ્યાસ કરવો. તેમાં તેમણે આત્માના અનુભવ માટેની પ્રક્રિયા ટૂંકમાં જણાવી છે.

એકાગ્રતા અને નિર્મળતા વારંવાર થાય તો ભાવસુધારસ પ્રગટે. તે નિર્મળતાનો પાયો વૈરાગ્ય છે. તેના વિના ચિત્ત નિર્મળ થાય નહીં. જેના અંતરમાં ભક્તિ ન હોય તેના ચિત્તમાંથી અહંકારનો નાશ થાય નહિ. જેના અંતરમાં ગુરુગમ સહિત શુદ્ધાત્માનો બોધ ન હોય તેને જ્ઞાનપ્રાપ્તિ થાય નહીં. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્‌રાજચંદ્રજીએ 'મૂળમાર્ગ રહસ્ય'માં જ્ઞાનની વ્યાખ્યા કરતા કહ્યું છે કે,

"છે દેહાદિથી ભિન્ન આતમા રે,
ઉપયોગી સદા અવિનાશ, મૂળ,
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."

જ્યાં સુધી જ્ઞાન ન થાય ત્યાં સુધી આગળની દશા પ્રગટે નહિ. નિશ્ચય સમક્તિ થયા પહેલા જ્ઞાન કહ્યું, પછી શ્રદ્ધા કહી અને પછી સ્થિરતા કહી અને ત્યારબાદ તે ત્રણેની એકતા કહી. ચોથા ગુણસ્થાનમાં માર્ગની પ્રાપ્તિ થાય છે અને ૧૩માં ગુણસ્થાને તે માર્ગની પૂર્ણતા થાય છે.

વીતરાગદર્શનમાં આ પ્રકારે સુધારસનું વર્ણન મુખ્યપણે આવતું નથી. જેને વધારે સુધારસ પામવો હોય, તેની વધારે ઘનિષ્ઠતા કરવી હોય તો તેના માટે અસંગતા જોઈએ. શહેરોનું ધમાલિયું વાતાવરણ, અસત્પ્રસંગો અને અસત્સંગ હોય ત્યાં પરમ આધ્યાત્મિક શાસ્ત્રો વાંચે તો તેનું ફળ મુખ્યપણે થતું નથી. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી 'ઉપદેશ નોંધ' ૧૫માં અધ્યાત્મશાસ્ત્ર વાંચવાની પૂર્વ શરતરૂપે કહે છે,

"ઈન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે. એ ફળ અલૌકિક છે, અમૃત છે."

જેણે સત્પાત્રતા પ્રગટ કરી હોય તેને પણ થોડો ઈન્દ્રિયનિગ્રહ હોય છે.

"મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર."

આવા સદ્‌ગુણોનો વિકાસ અને ઈન્દ્રિયનિગ્રહ વિશેષ સત્સંગમાં, નિવૃત્તિક્ષેત્રમાં થાય. થોડું - થોડું ઘરમાં પણ થાય, પરંતુ તેના માટે યોગ્ય વાતાવરણ અને પોતે વિશેષ દિનચર્યા બનાવવી જોઈએ. ઘરમાં સાધના-પૂજાનો રૂમ અલગ હોવો જ જોઈએ. કોઈ એમ કહે કે સાહેબ ! અમારે તો માત્ર ત્રણ જ રૂમ છે, તો વાંધો નહિ, આપણે લાકડાનું ઓછા ખર્ચવાળું મંદિર ઘરમાં જ્યાં ઓછી અવર-જવર હોય તેવા ખૂણામાં નાની જગ્યા બનાવીને મૂકવું અને ત્યાં બેસીને સાધના કરવી. ૫૦ વર્ષથી ઉપરના મુમુક્ષુઓ માટે ઘરમાં રહેવું તે બહુ સારું નથી, પણ જો સંજોગાવશાત્ ઘરમાં રહેવું પડે તેવું જ હોય તો વધારેમાં વધારે સમય પૂજાના રૂમમાં કાઢવો કે જ્યાં ભગવાન તથા સત્પુરુષોના ફોટા હોય, શાસ્ત્રો હોય, જ્યાં દીપ-ધૂપ-આરતીની વ્યવસ્થા હોય તથા જ્યાં ધર્મધ્યાન સિવાય અન્ય કામ ન થતું હોય. માટે જ ભગવાને આત્મજ્ઞાન-રૂપી કાર્યની સફળતા થવા માટે યોગ્ય દ્રવ્ય, યોગ્ય કાળ, યોગ્ય ક્ષેત્ર અને યોગ્ય ભાવ કહ્યા છે. ખરો ઈન્દ્રિયનિગ્રહ તો મુનિમહારાજને જ થાય, પણ તેનો અભ્યાસ તો મુમુક્ષુ પણ કરી શકે છે અને જો તે અભ્યાસ ન કરે તો તે મુમુક્ષુ નથી. પરમકૃપાળુદેવ 'શ્રી મોક્ષમાળા' શિક્ષાપાઠ-૬૮માં જણાવે છે,

"મન અકસ્માત્ કોઈથી જ જીતી શકાય છે. નહીં તો અભ્યાસ કરીને જ જિતાય છે. એ અભ્યાસ નિર્ગ્રંથતામાં બહુ થઈ શકે છે; છતાં ગૃહસ્થાશ્રમે સામાન્ય પરિચય કરવા માગીએ તો તેનો મુખ્ય માર્ગ આ છે કે, તે જે દુરિચ્છા કરે તેને ભૂલી જવી; તેમ કરવું નહીં."

આ કાળે એકલી અસંગતા ન થઈ શકે; કરણાનુયોગની અપેક્ષાએ તો તે આઠમા ગુણસ્થાને થાય, જે આ કાળે, આ ક્ષેત્રે નથી અને ચરણાનુયોગની અપેક્ષાએ મુનિ અવસ્થામાં આવી અસંગતા આવે, જે અત્યારે અલ્પ જ થઈ શકે છે. સત્સંગના આશ્રય વગર અસંગદશા પ્રાપ્ત થઈ શકતી નથી. જો કોઈ એમ કહે કે હું તો આખો દિવસ કોઈ જોડે બોલું જ

નહીં અને ધ્યાનમાં જ રહું ! તો ભાઈ, અત્યારે તે તારી ભૂમિકામાં સંભવ જ નથી. ધ્યાન માટે પણ પૂર્વભૂમિકાની જરૂર છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે,

"જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર,
તે ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર."

પરમકૃપાળુદેવ પત્રાંક-૬૦૯માં જણાવે છે, "સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે; અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું તે અત્યંત દુષ્કર છે. એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે, કે જે સત્સંગના યોગે સહજ સ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે."

આવા સત્સંગનું ઘણું માહાત્મ્ય છે. સત્સંગ તો મહાપુરુષો, પ્રામાણિક સાધકો- મુમુક્ષુઓ જ કરી શકે. પરમકૃપાળુદેવ શિક્ષાપાઠ - ૨૪માં સત્સંગની વ્યાખ્યા કરતાં કહે છે કે,

"જ્યાં શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન, ધ્યાનની સુકથા થાય, જ્યાં સત્પુરુષોનાં ચરિત્ર પર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહરીઓ છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંતવિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ છે."

તમે જે સત્સંગ કરો છો ત્યાં આવું બધું થાય છે ? અથવા મારા ભાવ આવા થાય છે ? હું મારા ચિત્તરૂપી દોરાને આવા ભાવોમાં પરોવું છું કે સત્સંગમાં જઈ બધાની કમીઓ (દોષો) જ કાઢું છું ? જો તમે આવું કરતા હોવ તો તમે સત્સંગમાં માત્ર શરીરથી જ બેઠા છો, તમારો ઉપયોગ તો તમારી દુનિયામાં જ રાચે છે. ઘણું પુણ્ય અને ઘણો પુરુષાર્થ કરે તો સત્સંગની આરાધના થાય, જેમાં સદ્ગુરુ અનુગ્રહનો કૃપાપ્રસાદ મુખ્ય છે.

"ગુરુકૃપા અંજન પાયો મેરે ભાઈ,
રામ બિના કછુ દીસત નાહી."

સત્સંગને દીર્ઘકાળ સુધી સત્પાત્રતા સહિત સેવે તો અસંગદશા ક્રમે કરીને પ્રગટે અને નિશ્ચય સુધારસનું ભાન થાય. પણ તે પહેલા જ્ઞાન થાય, શ્રદ્ધા થાય, પછી અભ્યાસ થાય, ત્યારબાદ થોડો અનુભવ થાય, પછી વિશેષ અનુભવ થાય અને પછી આગળ પૂર્ણપદની પ્રાપ્તિ ક્રમે કરીને થાય.

ધર્મી જીવને જ્યાં ધર્મ થતો હોય ત્યાં જ આનંદ આવે. તેને બીજે જવું પડે, પણ તેને ત્યાં ગમે નહિ. 'તૂહિ તૂહિ'ની માત્ર લગની લાગે ત્યારે તે સુધારસની પ્રાપ્તિ થાય.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

## શ્રી સદ્ગુરુપ્રાસાદ

**(પાના નં. ૫ પરથી ચાલુ...)**

બેઠા રહીશું તેમાં તેમને ક્યાં સ્તવનની આકાંક્ષા છે; અને ક્યાં તને ન્યૂનપણું પણ છે ?

જ્ઞાનીપુરુષો ત્રિકાળની વાત જાણતાં છતાં પ્રગટ કરતા નથી, એમ આપે પૂછ્યું; તે સંબંધમાં એમ જણાય છે કે ઈશ્વરી ઈચ્છા જ એવી છે કે અમુક પારમાર્થિક વાત સિવાય જ્ઞાની બીજી ત્રિકાળિક વાત પ્રસિદ્ધ ન કરે; અને જ્ઞાનીની પણ અંતર-ઈચ્છા તેવી જ જણાય છે. જેની કોઈ પણ પ્રકારની આકાંક્ષા નથી, એવા જ્ઞાની પુરુષને કંઇ કર્તવ્યરૂપ નહીં હોવાથી જે કંઇ ઉદયમાં આવે તેટલું જ કરે છે.

અમે તો કંઇ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય, અને અમને એવા જ્ઞાનનો કંઇ વિશેષ લક્ષે નથી; અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ અને અસંગતા, એ પ્રિય છે. એ જ વિજ્ઞાપન.

'વેદાંત ગ્રંથ પ્રસ્તાવના' મોકલાવ્યું હશે, નહીં તો તરત મોકલાવશો.

વિ૦ આજ્ઞાંકિત-

પરમનો સ્પર્શ - ૭૮

# પ્રતિક્રમણ : કર્મોની અગ્નિપરીક્ષા

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

તમે તમારી ભૂલના બચાવ માટે મનમાં કેટલા બધા તર્કો કર્યા છે અને એના બચાવમાં કેટલી બધી દલીલો કરી છે !

પોતાની ભૂલનો સ્વબચાવ કરતી વખતે માનવી એક પછી એક દલીલો કરતાં મહાકુશળ વકીલ જેવું કાર્ય કરે છે. પહેલાં તો પોતાની ભૂલના સ્વીકારને બદલે પોતે જે કંઈ કર્યું તે યોગ્ય કર્યું છે, એવું પોતાના મનમાં ઠસાવવા પ્રયત્ન કરે છે. આને માટે એના મનનો વકીલ સતત એ દલીલ કરશે કે, ‘‘આમ તો કરવું જ પડે.’’ જો નોકર-ચાકરને નિયંત્રણમાં રાખવા હોય, તો એમની સાથે તોછડાઈથી કે સખ્તાઈથી વર્તવું પડે. જો બાળકોને અભ્યાસમાં તેજસ્વી બનાવવા હોય, તો ‘‘સોટી વાગે ચમચમ’’નો સિદ્ધાંત અપનાવીને એમને સજા કરવી પડે. જો પરિવારજનો પર ક્રોધ કર્યો ન હોત તો એ પરિવારજનો મારી વાત માનત નહીં.

આમ પોતાની દૂષિત વૃત્તિને ન્યાયી ઠેરવવા માટે વ્યક્તિ પ્રયાસ કરતી હોય છે. જેના મૂળ જ સડી ગયા હોય, તેના પર વૃક્ષ ઉગાડવાનો પ્રયાસ કરે છે. ક્રોધ, કામ કે લોભ જેવી દુર્વૃત્તિઓને આધારે કરેલ કાર્યને એ યથાર્થ ઠેરવે છે. આમ, ગુનેગારને સર્વથા નિર્દોષ સાબિત કરવા પ્રયત્ન કરતા વકીલની જેમ વ્યક્તિ મનમાં સામસામે દલીલો કરતી હોય છે અને પછી પોતાને ગમતી દલીલને સ્વીકારીને ન્યાય તોળતી હોય છે.

જો વ્યક્તિની મનઃસ્થિતિ આવી જ હશે, તો એ પોતાની ભૂલોને સતત છાવરતો જ રહેશે. ‘‘જિંદગીની મોજ માણવા માટે દારૂની એક પ્યાલી પૂરતી છે’’ એમ માનનાર ધીરે ધીરે દારૂની વધુને વધુ પ્યાલીઓ પીતો થઈ જશે. જે પોતાની ભૂલને યોગ્ય ઠેરવવા પ્રયાસ કરે છે એ વ્યક્તિ ભૂલોનાં પુનરાવર્તન માટેનાં સઘળાં દ્વાર ખોલી નાખે છે. ધીરે ધીરે એની ભૂલ એ એનો સ્વભાવ બની જશે. એના જીવન સાથે વણાઈ જશે અને પછી એને ‘પોતે ભૂલ કરે છે’ એવો અહેસાસ પણ નહીં રહે. આથી જ સિસેરોએ કહ્યું છે કે, ‘‘ભૂલ તો દરેક વ્યક્તિથી થાય, પણ જે વ્યક્તિ એ ભૂલને પકડી રાખે, એ મૂર્ખ છે.’’

ભૂલને પકડી રાખનાર વ્યક્તિ એક સાથે બે કાર્ય કરે છે. એક તો પોતાની ભૂલ ન્યાયી હોવાનું પોતાના મનમાં બરાબર ઠસાવે છે અને બીજા સમક્ષ એને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરે છે. એ બીજું કામ એ કરે છે કે એ ભૂલને યોગ્ય, આવશ્યક સમજીને એનું સ્વજીવનમાં પુનરાવર્તન કરવા માટે મોકળું મેદાન આપે છે. આવી વ્યક્તિની આત્મખોજનાં દરવાજા બંધ થઈ ગયા હોય છે અને તેથી એ એની ભૂલોમાં જ ડૂબેલો રહે છે.

માણસ પોતાની ભૂલોમાંથી બોધપાઠ લઈને ઘણું શીખે છે એમ કહીએ છીએ; પરંતુ એ હકીકતમાં કઈ રીતે બોધપાઠ લેતો હોય છે ? આને માટેનું અમોઘ શસ્ત્ર એ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. વ્યક્તિ પોતાના હૃદયમાં પાછી ફરીને પોતાના જીવનને જોતી હોય છે. એ પોતાના હૃદયમાં પાછી ફરે છે, ત્યારે એની દિનચર્યાની અતિ સૂક્ષ્મ રીતે પરીક્ષા કરે છે. એ પોતે કરેલાં કાર્યોનું વિશ્લેષણ કરે છે અને એમાં થયેલી ભૂલો માટે પશ્ચાત્તાપ સેવે છે. એટલે કે પોતાના જીવનમાં થયેલી ભૂલને પારખવા માટે સૌ પ્રથમ તો પાછા પગલે જઈને

પોતાનું જીવન જોવાની જરૂર છે.

ભૂલોના પણ અનેક પ્રકાર છે. પાર વિનાના દોષો થતાં હોય છે. એક ભૂલ જે બાહ્ય રીતે સર્જાઈ હોય અને તે કોઈના પર ક્રોધ કરવાની હોય, પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે કરેલા શોષણ કે અન્યાયની હોય અથવા તો દુર્વર્તનની હોય.

આવી ભૂલનો આઘાત સામી વ્યક્તિએ અનુભવ્યો હોય છે અને તેથી પોતે કરેલી આવી ભૂલ વ્યક્તિ તપાસ કરે તો આસાનીથી જાણી શકે છે. પોતાનાથી થયેલી હિંસા સ્થૂળરૂપે બનતી ઘટના હોવાથી એ જાણી શકે છે. કેટલીક ભૂલો એવી હોય છે કે જે માનવચિત્તમાં થતી હોય છે. કોઈના પર દ્વેષ કરવો કે કોઈને વિશે બૂરો વિચાર કરવો એ પ્રક્રિયા માનવીના મનમાં થતી હોય છે. આવી પ્રક્રિયાવાળી વ્યક્તિને તત્કાળ જાણ થતી નથી. જો એને ખ્યાલ આવે કે એનાથી આ ભૂલ થઈ ગઈ છે તો એ આ પ્રકારે વિચાર કરવાનું બંધ કરી દે; પરંતુ જો એના ચિત્તમાં ચાલતી આ વિચારધારાને એ અટકાવે નહીં તો એક સમય એવો પણ આવે કે મનનો દ્વેષ વધતો જાય અને સમય જતાં પ્રગટ દુશ્મનાવટનું રૂપ લે. મહાભારતમાં દુર્યોધનનો ભીમ પ્રત્યેનો દ્વેષ આ રીતે જ સતત વધતો ગયો અને એને પરિણામે કુરુક્ષેત્રના સંગ્રામમાં મહાવિનાશ સર્જાયો. કૈકેયીના મનમાં જાગેલી શંકા પ્રબળ બની અને એને કારણે રામને વનવાસ મળ્યો. આથી જીવનમાં બે પ્રકારની ભૂલો થાય છે : એક તો વ્યક્તિ પોતે બહારના જગતમાં કરતી હોય છે અને બીજી એના મનમાં ચાલતી હોય છે. આથી જ જૈનદર્શનમાં વ્યક્તિથી થતી નાનામાં નાની ક્ષતિઓ અને ભૂલોને દર્શાવવામાં આવી છે અને સાધક પ્રતિક્રમણ દ્વારા તેમાંથી મુક્ત થઈને પોતાનું જીવન ઉજાગર કરે છે.

ક્યારેક વ્યક્તિ પોતે ભૂલ કરતી હોય છે, પણ એને માટે કોઈ બીજાને કારણ બનાવતી હોય છે. 'પોતે તો સદ્‌ગુણી હતો, પરંતુ કુસંગને કારણે દુર્ગુણી બની ગયો' એમ કહીને પોતાની ભૂલોને છાવરતો હોય છે. 'ડૉક્ટર બનવાની ઇચ્છા હતી; પરંતુ દસમા ધોરણમાં શિક્ષકે તમાચો માર્યો, તેથી ભણવાનું છોડી દીધું' આમ કહીને પેલા શિક્ષકને કારણે પોતે ડૉક્ટર બની શક્યો નહીં, તેવું સિદ્ધ કરે છે ! કર્કશા પત્ની મળી એટલે પોતે સ્વચ્છંદી થઈ ગયો એમ કહેનારી વ્યક્તિ પોતાના સ્વચ્છંદને બદલે પત્નીના કર્કશાપણાને દોષરૂપ ગણાવતી હોય છે. પ્રેમમાં ભંગ થયો અને એના આઘાતમાં દેવદાસની જેમ દારૂમાં ડૂબી ગયો, એમ કહેનારા પોતાના વ્યસનને જોવાને બદલે પ્રણયભંગને જુએ છે અને પોતાના દારૂડિયાપણાને બરકરાર રાખે છે. આ રીતે પોતાની ભૂલને માટે બીજાને કારણ તરીકે આગળ ધરવાનું વલણ જોવા મળે છે. વ્યક્તિ પોતાની બુદ્ધિથી એક બહાનું શોધી લે છે અને એ બહાનાનાં આધારે ભૂલોનું પુનરાવર્તન કર્યે જાય છે. એ નિમિત્તને દોષરૂપ ગણીને પોતાના દોષને વધુ ને વધુ પ્રબળ બનાવતો હોય છે.

એક શહેરના છેડે રાજમાર્ગથી દૂર એક નાની ઝૂંપડી આવી હતી. એમાં એક વૃદ્ધા રહે, માંડ માંડ ચાલી શકે અને આંખે બહુ ઝાંખું દેખાય. એક રાત્રે આ વૃદ્ધા સીવવા બેઠા. અંધારી ઝૂંપડી, સાવ ઝાંખો દીવો અને એમાં ઝાંખપવાળી આંખો. સોયમાં દોરો પરોવવા માટે ઘણી મહેનત કરી, પણ સોયના કાણામાં દોરો જાય નહીં અને આમ કરતાં કરતાં સોય હાથમાંથી પડી ગઈ. વૃદ્ધાએ સોય શોધવાનો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ સોય જડી નહીં. એક તો અંધારું, બીજું આંખે ઓછું દેખાય અને એમાં વળી સોય શોધવાની ! સામે દૂર રાજમાર્ગ પર દીવા ઝળહળતા હતા. વૃદ્ધા એ દીવાના પ્રકાશ તરફ દોડી અને ત્યાં જઈને સોય શોધવા લાગી.

રાહદારીએ આવીને પૂછ્યું, ‘‘માજી, શું ખોવાયું છે ?’’

**(અનુસંધાન પાના નં. ૩૦ પર...)**

## શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત
# સમાધિતંત્ર - અમૃતરસપાન
(ક્રમાંક - ૩૭)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પવિત્રતાની પૂર્ણિમા, ચૈતન્ય ચિન્મય, અધ્યાત્મની અસ્મિતા સમા પરમકૃપાળુદેવની સમાધિ સરસ્વતી પત્રાંક - ૮૮૭માં અવતરિત થાય છે, "અગમ્ય છતાં સરળ એવા મહત્પુરુષોના માર્ગને નમસ્કાર. સત્સમાગમ નિરંતર કર્તવ્ય છે. મહત્ભાગ્યના ઉદય વડે અથવા પૂર્વના અભ્યસ્ત યોગ વડે જીવને સાચી મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે, જે અતિ દુર્લભ છે. તે સાચી મુમુક્ષુતા ઘણું કરીને મહત્પુરુષના ચરણકમલની ઉપાસનાથી પ્રાપ્ત થાય છે, અથવા તેવી મુમુક્ષુતાવાળા આત્માને મહત્પુરુષના યોગથી આત્મનિષ્ઠપણું પ્રાપ્ત થાય છે; સનાતન અનંત એવા જ્ઞાનીપુરુષોએ ઉપાસેલો એવો સન્માર્ગ પ્રાપ્ત થાય છે. સાચી મુમુક્ષુતા જેને પ્રાપ્ત થઈ હોય તેને પણ જ્ઞાનીનો સમાગમ અને આજ્ઞા અપ્રમત્તયોગ સંપ્રાપ્ત કરાવે છે. મુખ્ય મોક્ષમાર્ગનો ક્રમ આ પ્રમાણે જણાય છે. વર્તમાનકાળમાં તેવા મહત્પુરુષનો યોગ અતિ દુર્લભ છે. કેમ કે ઉત્તમ કાળમાં પણ તે યોગનું દુર્લભપણું હોય છે; એમ છતાં પણ સાચી મુમુક્ષુતા જેને ઉત્પન્ન થઈ હોય, રાત્રિ-દિવસ આત્મકલ્યાણ થવાનું તથારૂપ ચિંતન રહ્યા કરતું હોય, તેવા પુરુષને તેવો યોગ પ્રાપ્ત થવો સુલભ છે." અતિસરળ છતાં ગહનતા પૂર્ણ આ અખંડગિરા આત્માને મોક્ષપદ પ્રાપ્ત કરાવે તેવી છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત 'સમાધિતંત્ર' ગ્રંથનો અભ્યાસ આપણે કરીએ છીએ. ગત વિભાગમાં શ્લોક તેવીસનો પૂર્વાર્ધ વિચાર્યો હતો અહીં તેનો ઉત્તરાર્ધ વિચારીશું.

**येन आत्मना अनुभूये अहम्**

**आत्मना एव आत्मना आत्मनि ।**

**सोऽहम् न तत् न सा न असौ**

**न एकः न द्वौ न वा बहुः ॥२३॥**

અર્થાત્ હું આત્મા છું, હું પોતાના આત્મામાં પોતાના આત્માને સ્વયં અનુભવું છું. હું શુદ્ધ આત્મા છું તે નપુંસક નથી. સ્ત્રી નથી. પુરુષ નથી. એક નથી. બે નથી. બહુ નથી.

શ્રી પૂજ્યપાદ આચાર્ય બહિરાત્માને ભ્રાન્તિમાંથી મુક્ત બનાવી અંતરાત્માની અપૂર્વ સ્થિતિમાં સ્થિર કર્યા પછી વિશેષ આગળ - આત્મદશા પ્રાપ્ત થવા માટે અધ્યાત્મગહનતાને દર્શાવે છે.

**[૧] सः अहं तत् न, सा न असौ न** – હું ચૈતન્યશુદ્ધ આત્મા છું. કોઈ લિંગ મને નથી.

અંતરાત્મા જ્ઞાની ધર્માત્મા વિચારે છે સોઽહમ્ = હું શુદ્ધ નિત્ય નિરંજન પરિપૂર્ણ આત્મા છું. મારે બાહ્ય કોઈ લિંગ નથી. હું નપુંસકલિંગ નથી. હું પુલ્લિંગ નથી તેમ જ સ્ત્રીલિંગ હું નથી. કારણ કે લિંગ આદિનો વ્યવહાર શરીરને કારણે છે. એક-બે-ત્રણ એવો વ્યવહાર પણ શરીર આશ્રિત છે. શરીર મારું રૂપ નથી. મારું સાચું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય છે. પરિણામે લિંગ આદિના ભેદો મારામાં કેવી રીતે ઘટી શકે ? સ્ત્રી, પુરુષ, નપુંસક આદિ ધર્મો તો કર્મ-ઉપાધિજન્ય દેહનું સ્વરૂપ છે. મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યપરિપૂર્ણ આત્મા છે. सः अहम् તે હું છું. આ રીતે અસ્તિત્વનું સ્થાપન કરીને શ્રી પૂજ્યપાદ આચાર્ય

न तत् - હું તે નપુંસક નથી. न सा - હું સ્ત્રીલિંગ નથી. તથા असौ न હું પુરુષલિંગ નથી. તે શરીર આશ્રિત લિંગો છે. હું શરીર નથી. આત્મા છું.

ગ્રંથાધિરાજ 'સમયસાર' શાસ્ત્રમાં જીવ-અજીવ અધિકારની ગાથા - ૫૦ થી ૫૫ ગાથાના હરિગીતમાં કહે છે —

નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહિ,
નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં;
નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,
નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં;
નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,
અધ્યાત્મ સ્થાન ન જીવને, અનુભાગ સ્થાનો પણ નહીં;
જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,
નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો છે નહીં;
સ્થિતિબંધ સ્થાન ન જીવને, સંકલેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં;
નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,
પરિણામ પુદ્‌ગલ દ્રવ્યના, આ સર્વ હોવાથી નક્કી;
વર્ણાદિ ગુણસ્થાનાંતભાવો, જીવના વ્યવહારથી,
પણ કોઈ એ ભાવો નથી, આત્મા તણા નિશ્ચય થકી.

વ્યવહારથી જીવના કહેવામાં આવે છે, ખરેખર આ કોઈ પણ ભાવ આત્મામાં નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી છે. હું દેહાદિ સ્વરૂપ નથી. દેહ, સ્ત્રી, પુત્ર, પરિવાર, ધનાદિ કોઈ મારા નથી, હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી આત્મા છું. આ રીતનું ભેદજ્ઞાન થાય છે ત્યારે ગ્રંથિભેદ થઈ આત્મા મૂળ સત્ સ્વરૂપે સ્થિત થાય છે. આત્માનું સ્વરૂપ ગુણ-ગુણીના ભેદ વગરનું - પર્યાયના ભેદ વગરનું શુદ્ધ આત્મ સ્વરૂપ છે.

અહીં શ્રી પૂજ્યપાદ આચાર્ય સાધકને અભેદ સ્વરૂપી આત્માનું દર્શન કરાવે છે. આત્મામાં કારકના કોઈ ભેદ નથી. છ કારક વ્યવહારથી બતાવવામાં આવ્યા છે. ત્રિકાળ શુદ્ધ આત્મા તેનાથી પર છે. અંતરાત્મદૃષ્ટિ સંપન્ન આત્મા નિરંતર આ ભાવના ભાવે છે. શ્રી પૂજ્યપાદ આચાર્ય 'ઈષ્ટોપદેશ' ગ્રંથમાં પણ કહે છે,

किमिदं कीदृशं कस्य कस्मात् क्वेति अविशेषयन् ।
स्वदेहं अपि नावैति योगी योगपरायणः ॥

**અર્થાત્ :** આ શું છે ? કોનું છે ? કોનાથી છે ? ક્યાં છે ? કયા પ્રકારે છે ? આ સર્વ વિશેષતાને ન જાણતાં યોગપરાયણ યોગી પોતાના દેહને પણ જાણતાં નથી. સ્વયોગમાં લવલીન થયેલા યોગી સ્વભાવલીન છે. છ કારકના વિકલ્પ અંતરાત્મામાં નથી. તે અભેદ પરિણતિમાં વહ્યા છે. ભેદવિજ્ઞાનના અપૂર્વ બળે બધાથી ભિન્ન સ્વ-સ્વભાવમાં જીવતાં અંતરાત્મા અધ્યાત્મગગનના વિહારી છે. જે જેનો સ્વ-ભાવ છે તે તેનું સ્વ છે. તેથી તે સ્વનો સ્વામી છે. કોઈ પર ભાવનો સ્વામી નથી. સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના અવલંબને આત્માને જ આત્માનું સ્વ જાણે છે. માણે છે. પામે છે. બહિરાત્મા જ્યારે તત્ત્વદૃષ્ટિના અવલંબને, સદ્‌ગુરુના બોધનો ગ્રાહક થઈને અંતરમાં ઉપયોગને એકાગ્ર કરે છે ત્યારે મોહરૂપ ભ્રાન્તિ નબળી પડતી જાય છે. રુચિવાન અને આત્મરસની મહત્તા ભાસી છે તે સદ્‌ગુરુના ચરણકમળની ઉપાસના કરતો, આત્મભાવને મુખ્યતા આપતો, આગળને આગળ આત્મદશા આરાધતો વસ્તુ - સ્વરૂપની સમીપતા પામે છે. જ્ઞાનમાં સમજે છે કે આત્મામાં ગુણ-ગુણીના ભેદ નથી. છ કારકના ભેદ નથી. અભેદમાં ભેદ કેવી રીતે આવે ? એવી નિઃશંક, નિર્ભયતા આવતી જાય છે.

પ્રચૂર સ્વસંવેદનના સ્વામી શ્રી કુંદકુંદ આચાર્યદેવ 'નિયમસાર' ગાથા - ૪૨ સમાધિ સરસ્વતીનાં ગુંજનમાં આલેખાય છે,

चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य ।
कुलजोणि जीवमग्गणठाणा जीवस्स णो सन्ति ॥

(હરિગીત)

"ચઉગતિભ્રમણ નહિ, જન્મમરણ ન રોગ શોક જરા નહીં,
કુળ યોનિ કે જીવસ્થાન, માર્ગણાસ્થાન જીવને છે નહીં."

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ 'આઠ દૃષ્ટિની સજ્ઝાય'માં ચોથી દૃષ્ટિ સુધી પહોંચેલો સમકિત સન્મુખ થયો છે તે અભેદ સ્વભાવ તરફ પ્રયાણ કરતાં બહિરાત્મા અંતમાં આ ભાવના ભાવતો પાંચમી દૃષ્ટિના સ્વભાવનો સ્વામી થાય છે. સ્થિરતા કેળવતો જાય છે. એકાગ્રતા સાધે છે. ઉપયોગને એક આત્મામાં જ એકાગ્ર કરે છે. જેમ અર્જુનને પક્ષીની કીકીના જ દર્શન થતાં હતાં, તેમ ધ્યેયને સાધતો આત્મા એકાગ્રતામાં સ્થિર થતો, સ્વભાવનું ભાવ-ભાસન કરતો બહિરાત્મા આત્મજ્ઞાનમાં ભાવાર્પિત થાય છે. આત્મજ્ઞાની નિજ વૈભવના શાંતરસના શૃગાંરથી શોભી રહે છે.

**( ૪ ) न एकः न द्वौ न वा बहुः** - ન એક છું, ન બે છું અથવા ન બહુ છું.

નિજ નિજથી, નિજમાંહી રહેતો આત્મજ્ઞાની વિચારે છે કે હું શુદ્ધ સ્વરૂપ આત્મા છું - હું એક, બે અથવા બહુ નથી. આત્મા શુદ્ધ સ્વરૂપ છે તેમાં વચનભેદ નથી. વીતરાગ નિર્વિકલ્પ સમાધિની લીનતામાં ચૈતન્યમાત્રનો પ્રતિભાસ છે તેમાં હું એક છું એવું ભાસતું નથી. એ અવસ્થામાં ગણતરી કરવાના વિકલ્પોથી રહિત છે. તે દશામાં દર્શન-જ્ઞાન સ્વભાવાત્મક બે પ્રકારનો પ્રતિભાસ થતો નથી. આત્મૈક્ય દશામાં જ્ઞાન, દર્શન ચારિત્ર્ય પૂર્ણ એવા ત્રણ પ્રકારના વિકલ્પથી રહિત છે તેથી આવો વિકલ્પ ત્યાં નથી. આત્મા અનંત ચતુષ્ટય સંયુક્ત છે એવો વિકલ્પ રહેતો નથી. પંચાચાર સ્વરૂપના ભાવો ત્યારે નથી. વ્યવહારના ષટ્કારક તો નથી પણ નિશ્ચયના ષટ્કારકોના વિકલ્પથી આત્મા ભિન્ન છે. સાત તત્ત્વોથી પાર થયેલા જ્ઞાનીને અન્ય વિકલ્પ નથી. આઠકર્મો હોવા છતાં સર્વ કર્મરહિત દશા અનુભવાય છે. આ રીતે હું બહુ છું એવા અન્ય વિકલ્પથી પર નિજાત્મામાં અમૃતરસને આસ્વાદે છે.

श्री शीतलप्रसादजी के शब्दो में, "यहाँ पर आचार्य का लक्ष्य अखंड अभेद आत्मा के स्वरूप का है । इसीसे उन्होंने कहा है कि यथार्थ आत्मा में कोइ भी कर्मो के उदय से होनेवाली अवस्था की कल्पना न करना, कल्पना के होते हुए आत्मा का अनुभव नहीं हो सकता इसलिए जब कल्पनाओं की आग शांत होती है तब वीतरागता और समताभाव की आभा चमकती है । अंतरात्मा कैसे स्वानुभव करता है इसीका दिग्दर्शन आचार्य ने कराया है ।"

"નિત્ય પડખું અને અનિત્ય પડખું તે બંને પડખા એક વસ્તુનાં છે. હવે પ્રયોજન સિદ્ધ કરવાનો મતલબ છે તો આ પ્રયોજન નિત્ય પડખાને મુખ્ય કરવાથી અને અનિત્ય પડખાને ગૌણ કરવાથી સિદ્ધ થાય છે. હું તો વિકલ્પથી શૂન્ય છું અને મારા ભાવોથી ભરપૂર છું." આ શબ્દો **શ્રી સોગાનીજી**ના છે.

**પૂ. બેનશ્રીની આર્ષવાણી**ના શબ્દો છે, "જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે. જેમ કોઈને પડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય પણ તે પડોશીને પોતાનો માની નથી લેતો. તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વ પરિણામ થતું નથી. જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે. વિભાવથી ભિન્નપણે ઉપર તરતાં તરતાં રહે છે... પરમ પારિણામિક ભાવરૂપ અનંતગુણ સ્વરૂપ અભેદ એક ચેતન દ્રવ્યનો જ - અખંડ પરમાત્મદ્રવ્યનો જ આશ્રય કરવો, ત્યાં જ દૃષ્ટિ દેવી, તેનું જ શરણ લેવું, તેનું જ ધ્યાન કરવું કે જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે. માટે દ્રવ્યદૃષ્ટિ કરી અખંડ એક જ્ઞાયક

**(અનુસંધાન પાના નં. ૧૯ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૧)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**પૂર્વભૂમિકા :** શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, કોબાના 'દૈનિક ભક્તિક્રમ'માં ઉપરોક્ત સ્તુતિ દર મંગળવારે સવારના ભક્તિના ક્રમમાં લેવાય છે. આ એક ભાવવાહી છતાં તત્ત્વસભર રચના છે. પંડિતશ્રી દૌલતરામજી પરમાત્માની મૂર્તિના દર્શન કરતાં એટલા બધા ભાવવિભોર બની ગયા હશે કે જેથી તેમના મુખેથી આવી સુંદર સ્તુતિ સરી પડી છે. તેમણે પરમાત્માને ઓળખીને તેમની સ્તુતિ કરી છે. જે જીવ - સાધકઆત્મા પરમાત્માને સાચી રીતે જાણે છે તે ક્રમે કરીને પરમાત્મા થઈ જાય છે.

- "જે જાણતો અરિહંતને, ગુણદ્રવ્યને પર્યયપણે;
  તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે."
  
  **- શ્રી પ્રવચનસાર, ગાથા - ૮૦**

- સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે,
  દરિશણ શુદ્ધતા તેહ પામે.
  જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
  કર્મ ઝીંપી વસે મુક્તિધામે.
  
  **- શ્રી દેવચંદ્રજી મહારાજ**

- દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો,
  ભાસ્યું આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો.
  
  **- શ્રી દેવચંદ્રજી મહારાજ**

આપણે પણ આ દર્શનસ્તુતિને શબ્દથી, અર્થથી, ભાવથી અને પરમાર્થથી સમજી પરમાત્માના સ્વરૂપને દ્રવ્ય-ગુણ-પર્યાયથી ઓળખીશું તો આપણે પણ તેમના કૃપાપ્રસાદથી આપણા સ્વરૂપને પામી જઈશું.

## સ્તુતિનું શ્રી મંગલાચરણ

**सकल ज्ञेय ज्ञायक तदपि,**
**निजानंद रसलीन;**
**सो जिनेन्द्र जयवंत नित,**
**अरि रज रहस-विहीन ।**

**શબ્દાર્થ :** હે જિનેન્દ્રદેવ, તમે સમસ્ત લોકાલોકના પદાર્થોને જાણો છો, છતાં પણ પોતાના આત્માના આનંદમાં લીન રહો છો. (અરિ = મુખ્ય દુશ્મન - મોહનીય કર્મ, રજ = જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ, રહસ = અંતરાય કર્મ) આ પ્રમાણે ચાર ઘાતીકર્મોનો નાશ કર્યો છે. જે રાગ-દ્વેષ અજ્ઞાન આદિ વિકારોના નિમિત્ત છે તેમને હણી નાખ્યા છે એવા હે પ્રભુ ! તમે જયવંત છો.

**ભાવાર્થ :** ભગવાન કેવા છે ? ફૂલથી પણ કોમળ છતાં મેરુથી પણ અડગ. તેમના નિર્મળ જ્ઞાનરૂપી દર્પણમાં લોકાલોક સહજપણે પ્રતિબિંબિત થાય છે. એવો તેમનો સ્વભાવ છે, તેમ છતાં તેઓ પોતાના અનંત સમાધિસુખમાં લીન છે.

જિનેન્દ્ર - જે જીતે તે જિન. જેમણે મોહાદિ (અજ્ઞાન રાગ-દ્વેષ) અંતરંગ શત્રુઓને જીતી લીધા છે તે જિન.

● **સિદ્ધાંતથી** - જેમણે ચાર ઘાતી કર્મોનો નાશ કર્યો છે, જે અનંત દર્શન-જ્ઞાન-સુખ-વીર્યમય છે, જે ઉત્તમ દેહમાં (વજ્રવૃષભનારાચસંહનન અને સમચતુરસ્ત્ર સંસ્થાન) બિરાજમાન છે અને શુદ્ધ (અઢાર દોષોથી રહિત) એવા આત્મા તે જિન છે. દેહ સહિત પરમાત્મા છે. તેમને વીતરાગદર્શનમાં

અરિહંત કહે છે. તેમના મુખ્ય લક્ષણો છે : (૧) વીતરાગતા, (૨) સર્વજ્ઞતા, (૩) હિતોપદેશકપણું.

(અઢાર દોષ : ક્ષુધા, તૃષા, જરા, રોગ, જન્મ, મરણ, રાગ, દ્વેષ, શોક, મોહ, રતિ, ખેદ, સ્વેદ (પરસેવો), ચિંતા, ભય, ગર્વ, નિદ્રા, આશ્ચર્ય)

બધા અરિહંત પરમાત્મા સરખા હોવા છતાં જેઓએ વિશિષ્ય પુણ્ય સહિત તીર્થંકર નામકર્મ બાંધ્યું છે, તેઓમાં નીચે પ્રમાણે વિશેષતા હોવાને કારણે આપણા માટે વિશેષ ઉપકારી છે.

તીર્થંકર પ્રકૃતિનો બંધ મનુષ્યભવમાં (પુરુષ વેદ) ૪ થી ૮ ગુણસ્થાનમાં 'સોળ કારણ ભાવના' આદિ અત્યંત વિશુદ્ધ ભાવનાઓથી થાય છે.

(૧) તેઓ દ્વારા તીર્થની સ્થાપના થાય છે.

(૨) તેમના શાસન દ્વારા ધર્મની પ્રભાવના થાય છે - પ્રવર્તન થાય છે.

(૩) જેમના પંચકલ્યાણક થાય છે - ચ્યવન, જન્મ, તપ, જ્ઞાન અને મોક્ષ કલ્યાણક.

(૪) તેઓ ૮ વર્ષે દેશવ્રતી થઈ જાય છે.

(૫) કેવળજ્ઞાન થયા પછી દેવો સમવસરણની રચના કરી છે અને યોગ્ય સમયે 'ૐ'કારના રૂપમાં તેમની દિવ્યધ્વનિ ઈચ્છા વિના સહજ ખરે છે; જે તેમના મુખ્ય શિષ્યો - ગણધરો ઝીલી લે છે અને તે વાણીને આચાર્યો અને મહાન જ્ઞાની પુરુષો શાસ્ત્રો (આગમ) રૂપે ગુંથીને આપણને અમૂલ્ય ભેટ રૂપે આપે છે, જે તેઓનો આપણા ઉપર મહાન ઉપકાર છે.

આવા તીર્થંકર પરમાત્માને આપણે જિનેન્દ્ર દેવ (સૌ જિનમાં ઈન્દ્ર સમાન શ્રેષ્ઠ) કહીએ છીએ. આવા જિનેન્દ્ર - પરમાત્મા - જે સર્વ જીવોના તારણહાર છે તેમનો જય થાઓ.

● **સિદ્ધાંતથી** અરિહંત પરમાત્માની વ્યાખ્યા નીચે પ્રમાણે કહી છે :

"ઘનઘાતી કર્મ વિહીન ને, ચોત્રીસ અતિશયયુક્ત છે;
કૈવલ્યજ્ઞાનાદિક પરમ ગુણ યુક્ત શ્રી અરિહંત છે."

**- શ્રી નિયમસાર, ગાથા - ૭૧**

● **અધ્યાત્મથી :** આવા અરિહંત પરમાત્માનો અતીન્દ્રિય આનંદ એટલે કે તેમનું સુખ કેવું હોય છે તે કહે છે -

"અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનૂપ અનંતને;
વિચ્છેદહીન છે સુખ અહો, શુદ્ધોપયોગ પ્રસિદ્ધને."

**- શ્રી પ્રવચનસાર, ગાથા - ૧૩**

● **આત્માર્થ :** આ રીતે અરિહંત પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ આપણે દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણીશું તો આપણે પણ ક્રમે કરીને તેમની કૃપાથી તેમના જેવા જ બની જઈશું.

(૧) પરિપૂર્ણ જ્ઞાને પરિપૂર્ણ ધ્યાને,
પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વદાને;
નીરાગી મહાશાંત મૂર્તિ તમારી,
પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

(૨) જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

## સર્વ જીવોને તમારો પ્રેમ આપો

**તમને કોઈ દુઃખી કરે તોય પ્રેમ આપો. ચંદન કપાય છે તોય કાપનારને સુગંધ આપે છે. આંબો ઘવાય છે તોય ઘા કરનારને કેરી આપે છે. તમે પણ ચંદન અને આંબા જેવા બનો. જેમણે સૌનો પ્રેમ સંપાદન કર્યો છે, તે પોતાના જીવનમાં દરેક કાર્ય સિદ્ધ કરી શકે છે. તેના વિઘ્નો ટળી જાય છે, સૌનો સહકાર મળી રહે છે.**

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## ૨૪મા તીર્થંકર
## શ્રી મહાવીર સ્વામી સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** શ્રી આનંદઘન ચોવીસીના અંતિમ પડાવ ઉપર આપણે આવી ચૂક્યા છીએ. ૨૩ ભગવાનની ભાવપૂર્વક ભક્તિ કર્યા પછી મોક્ષની યાત્રામાં સંસારના પ્રલોભનોથી ક્યાંક પાછા ન પડીએ તે માટે વીર્યની, પરાક્રમયુક્ત પુરુષાર્થની તાતી જરૂર છે, જે આ સ્તવન હવે પૂરું પાડે છે. અગાઉ જણાવ્યા પ્રમાણે આનંદઘનજીએ સ્વયં રચેલ મહાવીરસ્વામી સ્તવન ઉપલબ્ધ નથી, પણ કોઈ અજ્ઞાત રચનાકારે આ અતિ લોકપ્રિય સ્તવન આનંદઘનજીના નામે અર્પણ કર્યું છે. આનંદઘનજીની ખોટ પૂરી પાડે તેવું, વીરરસથી ભરપૂર આ સ્તવન યોગીશ્વર આનંદઘનજી જેવા વીરલ પુરુષની વીરતાને શોભાવે તેવું છે, તેમજ વર્ધમાનમાંથી મહાવીર બનેલા વીરજી પાસે વીરપણું માગવારૂપ તાત્ત્વિક ભક્તિથી ભરપૂર છે. તે માટે સ્તવનના રચનાકારને અનેક અભિનંદન ઘટે છે. અનેકવાર પ્રમાદમાં મંદ થઈ જતી આપણી સાધનાને ફરીથી થનગનાટપૂર્વક શૌર્યવંતી બનાવવામાં ઉત્તમ નિમિત્તભૂત આ સ્તવનમાં કેટલાક કઠિન શબ્દપ્રયોગ કર્યા હોવા છતાં પ્રભુભક્તિના રસિયા સાધકો ચૈત્યવંદન આદિ ભક્તિ-સાધનામાં અતિ ઉલ્લાસપૂર્વક તેનું ગાન કરે છે.

યોગીશ્વર આનંદઘનજીના જીવનની ઝાંખી આપણે ચોવીસીના લેખોના પ્રારંભમાં જોઈ હતી. તેમાં તેમની નીડરતા, જગત પ્રત્યેની નિર્લેપતા, ઉદાસીનતા, પ્રગટ થયેલ રિદ્ધિસિદ્ધિને ઠુકરાવી માત્ર એકનિષ્ઠ પ્રભુપ્રેમ, મોક્ષની તીવ્ર અભિપ્સા - આ સર્વેમાં તેમનું (કર્મશત્રુ સામે યુદ્ધ માંડવારૂપ) વીરપણું પ્રગટ થતું હતું. આવા મહાપુરુષ અરિહંત-સિદ્ધ અવસ્થા સુધીની - ભલે *“ગજા વગરની, પણ હાલ મનોરથરૂપ”* - ભાવના કરી પ્રભુ પાસે તે માટેનું બળવીર્ય માંગે તે સ્વાભાવિક છે. એવું યથાયોગ્ય અનુમાન કરી સ્તવનકારે છદ્મસ્થ દશાથી માંડીને શૈલેષી અવસ્થા સુધીની એક અધ્યાત્મયોગીની યાત્રાને આવરી લીધી છે.

આનંદઘનજીના પહેલાંના સ્તવનોનું જે રસપાન કર્યું તેમાં પ્રેમરસ હતો, વૈરાગ્યરસ હતો, શાંતરસ હતો, દાસત્વભક્તિ હતી અને સિદ્ધાંતબોધ પણ હતો. તો હવે સાધનાની પરાકાષ્ઠામાં આ અંતિમ સ્તવન વીરરસ પૂરું પાડી વીરપ્રભુ જેવા બનવાના સાધકના લક્ષને આગળ ધપાવે છે. કઈ રીતે તે જોઈએ :

**વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;**
**મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું,**
**જીત નગારું વાગ્યું રે. વી૦૧**

**શબ્દાર્થ :** વીરપ્રભુને ચરણે વંદન કરી તેમની પાસે હું વીરપણું માગું છું. મિથ્યાત્વ-મોહરૂપી અંધકાર અને ભય ભાગી ગયો છે. કર્મશત્રુને હરાવી વિજયનું નગારું વાગ્યું છે. (વીરજી = ભગવાન મહાવીર; મિથ્યા = મિથ્યાત્વ, અજ્ઞાન; તિમિર = અંધકાર)

**ભાવાર્થ :** સ્તવનની શુભ શરૂઆત પ્રભુ મહાવીરના ચરણકમળને વંદન કરીને કરે છે. આ વંદન માત્ર શિષ્ટાચાર રૂપે કે માત્ર પ્રભુની ગરિમાથી પ્રભાવિત થઈને નહીં, પરંતુ પ્રભુ જેવા વીર બનવાની ભાવનાથી ‘તાત્ત્વિક’ વંદન થાય છે.

સર્વ જીવમાં જ્ઞાન, દર્શન અને આનંદની જેમ

'વીર્ય' નામનો પણ એક મુખ્ય અને અગત્યનો ગુણ છે, પરંતુ વીર્યાંતરાય કર્મને લીધે જીવનો મોક્ષતરફી પુરુષાર્થ ઉપડતો નથી, મોહરાજાને હરાવવાનું પરાક્રમ જાગતું નથી. કોઈ વીરલ સાધક જીવ તે મોહરાજા પર જીત મેળવવા કટિબદ્ધ થાય છે ત્યારે જેમણે અત્યંત પરાક્રમયુક્ત પુરુષાર્થથી વીર્યાંતરાયનો સંપૂર્ણ ક્ષય કરી અનંત વીર્ય પ્રગટાવ્યું છે તેવા વીરપ્રભુ પાસે તે સાધક જીવ વીરપણું માગે છે. જેમની પાસે જે અઢળક પ્રમાણમાં હોય તેમની પાસે તે જ માગવાનું હોય ને ? પ્રભુના દર્શન કરી લૌકિક ધન, સંપત્તિ આદિ સુખ માંગીએ કે લૌકિક દુઃખ દૂર થાય એવી ક્ષુદ્ર માગણી કરીએ તો તે આપણી જ મૂર્ખતા કહેવાય. કહ્યું છે ને કે :

*"માગીએ તો એટલું જ મોક્ષને જ માંગીએ,*
*તમે જેનો ત્યાગ કર્યો એ ન હવે માંગીએ."*

વીર્ય સર્વ આત્મામાં છે પણ અપ્રગટ છે. વીરજીને ચરણે લાગવારૂપ પ્રભુભક્તિથી તે વીર્ય સ્ફુરાયમાન થાય છે. એકેક ગુણસ્થાનો ચડતાં દર્શનમોહની ત્રણ પ્રકૃતિઓ તેમજ અનંતાનુબંધીથી માંડીને સંજ્વલન કષાય સુધીની ચારિત્રમોહની પ્રકૃતિઓને હરાવવામાં ડગલે ને પગલે આત્યંતિક વીર્યની જરૂર પડે છે. તેમાં શારીરિક વીર્યબળ ગૌણ છે. મુખ્ય તો અત્યંત મનોબળ, સંકલ્પબળ, ધૈર્ય અને નિષ્ઠાની જરૂર પડે છે. તેમાં વચ્ચે જો જીવનો પ્રમાદ, સ્વચ્છંદ, આ લોકની અલ્પ પણ સુખેચ્છા, પરમ વિનયની ઓછાઈ, પદાર્થનો અનિર્ણય આદિ દોષો નડે તો ગ્રંથિભેદ નજીક પહોંચીને પણ જીવ પાછો પડી શકે. તેવું ન થાય તે માટે એવા વીર્યની ત્યારે જરૂર પડે કે સાધક એક છલાંગ મારી કરણલબ્ધિના પુરુષાર્થ વડે મોહગ્રંથિને ભેદી સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય અને **"મિથ્યા મોહતિમિર ભાગી જાય."** તે માટે જે વીરપણું જોઈએ તે ભક્ત અહીં ભગવાન પાસે માગે છે અને તે પણ **"વીરજીને ચરણે લાગીને"**, કારણકે એવું વીરપણું પ્રગટાવવાનો પ્રથમ ઉપાય તો પ્રભુના ચરણનું શરણ અર્થાત્ પરમ વિનયવંત થઈ તેમની આજ્ઞાનું એકનિષ્ઠાથી પાલન કરવું તે છે. પ્રભુની ચરણસેવાથી તેમના ચારિત્રરૂપ ચરણ તરફ દૃષ્ટિ જાય છે કે પ્રભુ કઈ રીતે વીર બન્યા ? મારે પણ તે જ રીત અપનાવવી છે.

વીર પ્રભુના દર્શન માત્રથી બે ચારણઋદ્ધિ-ધારી મુનિઓની શંકાનું સમાધાન થયું, તેથી પ્રભુ વર્ધમાનમાંથી સન્મતિનાથ કહેવાયા. દીક્ષાપર્યાયમાં સાડા બાર વર્ષ મૌન અને ઉગ્ર તપ દ્વારા અનેક ઉપસર્ગોમાં સમતા રાખી કર્મોના ભૂક્કા બોલાવ્યા તેથી પ્રભુનું નામ 'અતિવીર' પડ્યું. અને સર્વ ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રગટાવ્યું તેથી પ્રભુ 'મહાવીર' કહેવાયા.

પ્રભુને કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટતાં જ **"મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું"** - મિથ્યાત્વ અને મોહરૂપી અંધકાર ભય પામીને ભાગી ગયો અને પ્રભુ સપ્તભય રહિત થયા. મિથ્યાત્વ તો પ્રભુને જન્મથી જ નહોતું કારણકે જન્મથી જ ક્ષાયિક સમકિત હતું. રહ્યાસહ્યા ચારિત્રમોહના યોદ્ધાઓ પ્રભુના ક્ષાયિક વીર્ય સામે પૂંઠ બતાવી ભાગી ગયા ! આમ, સર્વ ઘાતીકર્મરૂપી શત્રુ ઉપર વિજય પ્રાપ્ત થતાં **"જીત નગારુ વાગ્યું"** - દેવદુંદુભિઓથી આકાશ ગુંજી ઊઠ્યું.

માત્ર મોક્ષનો અભિલાષી જીવ પ્રભુ મહાવીરના આવા વીર્યમાંથી પ્રેરણા મેળવવા વીરપણાની માંગ જ્યારે નિર્મળ હૃદયપૂર્વક કરે છે, ત્યારે તેનું પણ વીર્ય સ્ફુરાયમાન થઈ મોહગ્રંથિનો ભેદ કરે છે, સમ્યગ્દર્શન પામે છે. પરિણામે મિથ્યાત્વ અને ચારિત્રમોહનો અંધકાર અને સાત પ્રકારના ભય ભાગી જાય છે, અર્થાત્ નાશ પામે છે. મોહરાજા પરની આ આંશિક જીત થતાં સાધકના અંતઃકરણમાં અતિ ઉલ્લાસપૂર્વકનું "જીત નગારું

વાગે છે''. અર્થાત્ તાત્ત્વિક અતીન્દ્રિય આનંદનો ઊભરો આવે છે અને સાથે સાથે કોઈના અંતરમાં સાત્ત્વિક આનંદનો અનહદ નાદ પણ ગૂંજી ઊઠે છે. કામ, ક્રોધ આદિ શત્રુઓને તદ્દન નિષ્પ્રાણ કરવા આ વીર્યવાન સાધકને કેવું શૂરાતન ચડે છે તે 'શ્રી સુંદરદાસ શૂરાતન અંગ'માં કહ્યું છે :

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત - આંક ૬૭૨)

*મારે કામ ક્રોધ સબ, લોભ મોહ પીસિ ડારે,*
*ઈન્દ્રિહુ કતલ કરિ કિયો રજપૂતો હૈ;*
*માર્યો મહા મત્ત મન, મારે અહંકાર મીર,*
*મારે મદ મત્સર હૂ, ઐસો રન રૂતો હૈ;*
*મારી આશા તૃષ્ણા પુનિ, પાપિની સાપિની દોઉ,*
*સબકો સંહાર કરિ, નિજ પદ પહૂતો હૈ;*
*સુંદર કહત ઐસો, સાધુ કોઈ શૂરવીર,*
*વૈરિ સબ મારિકે, નિચિંત હોઈ સૂતો હૈ.*

પ્રભુના સર્વોત્કૃષ્ટ વીર્યથી પ્રેરણા મેળવી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પણ મોહશત્રુને હરાવી સમકિત પ્રાપ્તિની ખુમારીમાં શ્રી શાંતિનાથ સ્તવનમાં કહે છે :

*''પ્રભુગુણ અનુભવ ચંદ્રહાસ જ્યોં,*
*સો તો ન રહે મ્યાનમેં;*
*વાચક યશ કહે મોહ મહા અરિ,*
*જીત લિયો હે મેદાનમેં,*
*હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં''*

સમ્યગ્દર્શન પહેલાંની સાધક અવસ્થામાં ''વીરપણુ માંગુ'' એટલે ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે પ્રભુના વીર્યવાન ચારિત્રને સ્મરણમાં લાવી, ક્રોધાદિ કષાય અને પંચેન્દ્રિયના વિષય-વિકારોથી પરાસ્ત ન થઈએ, પરંતુ ઉપરોક્ત શૂરાતન લાવી નિરંતર આત્મજાગૃતિ અને સાવધાની રાખી તે વિભાવોને પરાજિત કરીએ.

દર્શનમોહને જીત્યા પછી કઈ રીતે ચારિત્રના સોપાનો ચઢીએ તે હવે કહે છે :

**છઉમથ્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધીજ મતિ અંગે રે;**
**સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વી૦૨**

**શબ્દાર્થ :** છદ્મસ્થનું વીર્ય બુદ્ધિપૂર્વક લેશ્યા સાથે જોડાયેલું અભિસંધીજ વીર્ય કહેવાય છે. (તેવા વીર્યવાળો) સાધક સૂક્ષ્મ અને સ્થૂલ ક્રિયા વડે ઉમંગપૂર્વક યોગી થાય છે. (છઉમથ્થ = છદ્મસ્થ જીવ, કર્મના આવરણયુક્ત જીવ; લેશ્યા = કષાયની માત્રા, degree; અભિસંધીજ = લેશ્યા સાથે જોડાયેલું વીર્ય; મતિ અંગે = બુદ્ધિપૂર્વક; સૂક્ષ્મ ક્રિયા = ભાવ-સંયમ; સ્થૂલ ક્રિયા = વ્રત, જપ, તપ આદિ દ્રવ્ય સંયમ; યોગી = સ્વરૂપ સાથે જોડાણ કરતો સાધક; ઉમંગે = ઉલ્લાસપૂર્વક)

**ભાવાર્થ :** છઉમથ્થ એટલે છદ્મસ્થ જીવ. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ઘાતીકર્મોના આવરણયુક્ત, પહેલેથી બારમા ગુણસ્થાન સુધીના સર્વ જીવ છદ્મસ્થ કહેવાય છે, જેમાં જ્ઞાની અને અજ્ઞાની બધાનો સમાવેશ થાય છે. છદ્મસ્થ જીવોનું વીર્ય ક્ષાયોપશમિક વીર્ય છે. તે શુભ-અશુભ લેશ્યા સાથે જોડાયેલું હોવાથી તેને અભિસંધીજ વીર્ય કહે છે. લેશ્યા એટલે કષાયના ઉદયથી અનુરંજિત મન, વચન, કાયાના યોગોની પ્રવૃત્તિ. (Ref. : જૈન સિદ્ધાંત પ્રવેશિકા - શ્રી ગોપાલદાસજી બરૈયા). સાદા શબ્દોમાં કહીએ તો લેશ્યા એટલે કષાયની માત્રા. તીવ્રતા અને મંદતાની અપેક્ષાએ લેશ્યાના છ પ્રકાર છે. તીવ્ર કષાયરૂપ ત્રણ અશુભ લેશ્યા - કૃષ્ણ, કાપોત અને નીલ, જેનાથી પાપબંધ થાય છે. મંદ કષાયરૂપ ત્રણ શુભ લેશ્યા - પીત, પદ્મ અને શુક્લ, જેનાથી પુણ્યબંધ થાય છે. (આ છ લેશ્યાનું સુપ્રસિદ્ધ દૃષ્ટાંત શાસ્ત્રમાં આવે છે કે કઈ રીતે છ મિત્રો એક ઝાડમાંથી ફળ મેળવવા છ પ્રકારે વિભિન્ન માત્રમાં કષાય કરે છે. સૌને તે સુવિદિત હશે.) લેશ્યા સાથે

જોડાયેલું વીર્ય આમ શુભાશુભ કર્મબંધ કરવામાં પ્રવર્તે છે. વળી તે વીર્ય બુદ્ધિપૂર્વક પ્રવર્તે છે, તેથી અભિસંધીજ **"મતિ અંગે"** એમ કહ્યું.

ભગવાન મહાવીરનું વીર્ય કેવળજ્ઞાન થયા પછી લેશ્યા વિનાનું હોવાથી અનભિસંધીજ છે, ક્ષાયિક વીર્ય છે, અનંત વીર્ય છે. પણ પ્રભુને અનંતવીર્ય પ્રગટ્યું કઈ રીતે ? તો પ્રભુએ છદ્મસ્થ અવસ્થામાં દર્શનમોહનો નાશ કરી તે ક્ષાયોપશમિક વીર્યને સૂક્ષ્મ અને સ્થૂળ ક્રિયાનું અવલંબન લઈ આત્મિક ગુણોની વૃદ્ધિ માટે વાપર્યું અને ક્રમશઃ ચારિત્રમોહનો પણ નાશ કરી ક્ષાયિક વીર્ય પ્રગટાવી 'મહાવીર' બન્યા.

આનંદઘનજી જેવા મહાપુરુષો આવું જ વીરપણું માંગે છે. તેમનું વીર્ય ક્ષાયોપશમિક મર્યાદાવાળું હોવા છતાં તે વીર્યને પૂરેપુરું, શક્તિની અંતિમ હદ સુધી ફોરવીને તેઓ **"સૂક્ષ્મ-સ્થૂળ ક્રિયાને રંગે"** અર્થાત્ તેના અવલંબનથી મોક્ષમાર્ગમાં ઉદ્યમવંત થાય છે. સૂક્ષ્મ અને સ્થૂળ ક્રિયા એટલે જ્ઞાન અને ક્રિયાનો સુભગ સમન્વય, કારણકે "ज्ञान क्रियाभ्यां मोक्षः" સ્થૂળ ક્રિયા એટલે દ્રવ્યસંયમ, જેમાં વ્રત, જપ, તપ, ષટ્ આવશ્યક, અણુવ્રત, મહાવ્રત, પંચ-સમિતિ આદિનું પાલન હોય છે. સૂક્ષ્મ ક્રિયા એટલે ભાવસંયમ કે જેમાં ઉપરોક્ત બાહ્ય ચારિત્રથી થતી મનની શુદ્ધિ વડે ત્રિગુપ્તિ આદિ અંતરંગ સાધન સેવીને સાધક સ્વ-પરનું ભેદજ્ઞાન કરી આત્માનુસંધાન કરે છે, જે એનું મુખ્ય લક્ષ છે. આમ *"સ્વરૂપ લક્ષે જિનઆજ્ઞા આધીન"* વર્તતા આ સાધકના પુરુષાર્થમાં મોક્ષ પ્રત્યેનો અત્યંત સંવેગ હોવાથી તેની આ સૂક્ષ્મ-સ્થૂળ ક્રિયાઓ ઉમંગપૂર્વક થાય છે. માત્ર નિયમબદ્ધ છે તેથી નહીં પરંતુ પોતાના લક્ષમાં વાયુવેગે આગળ વધારનાર સાધન તરીકે તે આ ક્રિયાઓ હર્ષોલ્લાસપૂર્વક કરે છે. ફળસ્વરૂપે તે અંતરના ઉલ્લાસથી, ચિત્તપ્રસન્નતાપૂર્વક *"દ્રવ્ય-ભાવ સંયમમય નિર્ગ્રંથ"* યોગી બને છે.

**मोक्षेण योजनात् योगः** - મોક્ષ સાથે જોડાણ તે યોગ અને આવો યોગ જે સાધે તે યોગી.

આવો યોગીપુરુષ અયોગી સિદ્ધપદની પ્રાપ્તિ માટે કઈ રીતે આગળ વધે છે તે આગળની ગાથાઓમાં યથાવસરે જોઈશું.

■ ■ ■

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૩ પરથી ચાલુ...)**

રૂપ વસ્તુને લક્ષમાં લઈ તેનું અવલંબન કરો. તે જ વસ્તુના અખંડ એક પરમપારિણામિકભાવનો આશ્રય છે. આત્મા અનંત ગુણમય છે. પરંતુ દ્રવ્યદૃષ્ટિ ગુણોના ભેદોને ગ્રહતી નથી. તે તો એક અખંડ ત્રિકાલિક વસ્તુને અભેદરૂપે ગ્રહણ કરે છે." સ્વભાવ અભેદનો સ્વીકાર કરે છે. તેથી અભેદ પરિણામ સહજ અવસ્થા છે.

'પાહુડ-દોહા' નામના ગ્રંથમાં ગાથા ૧૩૯માં મુનિવર રામસિંહજી લખે છે, "હું જ્યાં જ્યાં જોઉં ત્યાં આત્મા જ દેખાય છે. તો પછી હું કોની સમાધિ કરું ને કોને પૂજું ? છૂત-અછૂત કહીને કોને તરછોડું ? હરખ કે કલેશ કોની સાથે કરું ? ને સન્માન કોનું કરું ? જ્યાં અભેદ પરિણામ છે ત્યાં અભેદમાં દૃષ્ટિ એકાગ્ર થઈ ગઈ. બધે આત્મદર્શન !"

**• પ્રસ્તુત શ્લોકનું પદ્ય :**

"જે રૂપે હું અનુભવું નિજ નિજથી નિજમાંહી,
તે હું નર-સ્ત્રી-ઈતર નહિ, એક બહુદ્વિક નાહિ."

**• પૂ શ્રી વિદ્યાસાગરજીના પદ્યના શબ્દો :**

ना मैं नपुंसक नहीं नर दीन स्त्री न
दो भी न एक न अनेक तथा न तीन ।
मैं हूँ निजात्म बलसे सब स्वात्म ध्याता
इत्थं तदा न मुझमें कुछ भेद नाता ॥

• • • **(ક્રમશઃ)**

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૧૯)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## પ્રભુના ગુણવાચક વિશેષણો (૪) - ભાગ ૩

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**बुद्धस्त्मेव विबुधार्चित ! बुद्धिबोधात्,**
**त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात् ।**
**धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानात्,**
**व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥२५॥**

● **શબ્દાર્થ :** बुद्धः – (પૂર્ણ, મહા) જ્ઞાની, વિશેષ નામ તરીકે બુદ્ધદેવ, त्वम् – તમે, एव – જ (છો), विबुध – દેવ (દેવો), વિશેષ જ્ઞાની(ઓ), अर्चित – પૂજિત, बुद्धिः – (સમ્યગ્) જ્ઞાનશક્તિ, બુદ્ધિ (પ્રજ્ઞા), बोध – (પૂર્ણ) વિકાસ, बुद्धिबोधात् – (સમ્યક્) જ્ઞાનના વિકાસથી, त्वं – તમે, शंकर – કલ્યાણ કરનાર, સુખ-શાંતિ આપવાવાળા, વિશેષ નામ તરીકે શિવ-શંકર, असि – છો, भुवनत्रय – ત્રણ ભુવન - ત્રણ (ઊર્ધ્વ, મધ્ય, અધો) લોક(ના પ્રાણીઓને), शंकरत्व – સુખી કરવાપણું, धाता असि – વિધાતા (બ્રહ્મા) છો, धीर ! – (હે અપૂર્વ વીતરાગી) ધૈર્ય ધારણ કરનાર (પ્રભો) !, शिवमार्ग – કલ્યાણ (મોક્ષ) માર્ગ, विधेः – વિધિનું, विधानात् – વિધાન (નિર્માણ, ઘડતર) કરવાથી, व्यक्तम् – સ્પષ્ટ રૂપથી, પ્રગટ એવા, भगवन् ! – ભગવાન !, पुरुषोत्तमः – પુરુષોમાં ઉત્તમ (પરિપૂર્ણ, શુદ્ધ), વિષ્ણુ.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**દેવે પૂજ્યા વિમળ મતિથી, છો ખરા બુદ્ધ આપ,**
**ત્રિલોકીને સુખ દીધું તમે, તો મહાદેવ આપ;**
**મુક્તિ કેરી વિધિ કરી તમે, છો વિધાતા જ આપ,**
**ખુલ્લું છે એ પ્રભુજી! સઘળા ગુણથી કૃષ્ણ આપ.(૨૫)**

● **ભાવાર્થ :** હે દેવતાઓ વડે પૂજાયેલા પ્રભુ ! (સમ્યક્) જ્ઞાનનો (પૂર્ણ) વિકાસ કરવાથી તમે બુદ્ધ છો. ત્રણેય લોક (ના પ્રાણીઓ)ને સુખકર (કલ્યાણકારી) હોવાથી તમે શંકર છો. હે ધીર ! (રત્નત્રયરૂપ) મોક્ષમાર્ગની વિધિનું વિધાન (નિર્માણ) કરવાથી બ્રહ્મા (વિધાતા) છો. તેથી હે ભગવન્ ! સ્પષ્ટપણે (પ્રગટ એવા) તમે જ પુરુષોત્તમ (વિષ્ણુ) છો.

● **વિશેષાર્થ / પરમાર્થ :** સ્તોત્રકાર માનતુંગસૂરિજી શ્રી જિનેશ્વર દેવના ૨૧ નામો (ગુણો) આગળના બે શ્લોકમાં ગણાવ્યા પછી હવે લોકમાં પ્રસિદ્ધ ૪ નામોની વ્યાખ્યા કરે છે. પૂજ્ય રાકેશભાઈ કહે છે કે અત્યાર સુધી જિનેશ્વર પ્રભુના બધા નામ (શ્લોક ૨૩ અને ૨૪માં, અનુક્રમે ૬ અને ૧૫) ગુણવાચી હતા. આ શ્લોક ૨૫માં ૪ નામ વ્યક્તિવાચી છે, છતાં તેને યથાર્થ રીતે ગુણવાચી લીધા છે.

અહીં લોકપ્રસિદ્ધ લૌકિક દેવોનો સ્વીકાર છે, તેમનો નિષેધ કે તેમના પ્રત્યે દ્વેષ નથી. ગુણની પૂજા છે, વ્યક્તિની નહીં. કોઈ નવા શબ્દો (નામ) નથી આપ્યા, પણ જૂના શબ્દોને નવી દૃષ્ટિ આપીને નવો અર્થ ઘટાવેલ છે. આ કવિ-કાવ્યની શૈલી છે. તેને 'ધ્વનિ-કાવ્ય' કહે છે. સંસ્કૃત સાહિત્યમાં ધ્વનિ-કાવ્યનું વધુ મહત્ત્વ છે. શબ્દકોષ મુજબ શબ્દનો જે અર્થ હોય તેના કરતા કાવ્યમાં તેનો ધ્વનિ (સૂર) બીજો નીકળતો હોય છે. એટલે કે દ્વિઅર્થી શબ્દો હોય છે. તે કાળમાં ધ્વનિ-કાવ્ય પ્રખ્યાત હતા. કવિત્વની દૃષ્ટિએ તેનું ઊંચુ અને આદરણીય સ્થાન હતું.

લૌકિક દેવોમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ (શંકર) અને બુદ્ધના નામો પ્રચલિત છે. તે બધા નામો ગુણ

વડે જિનેશ્વર પ્રભુને ઘટી શકે છે. એટલે કોઈ આ નામ વડે પ્રભુની ઉપાસના - ભક્તિ કરે તો પણ હરકત નથી. મૂળ તો જિનેશ્વરના વીતરાગ સ્વરૂપની ઉપાસના (ભક્તિ) થવી જોઈએ, કારણકે તે મુક્તિના સર્વ સાધનોને સુલભ બનાવે છે.

તેથી જ જ્યારે શૈવપંથી બ્રાહ્મણો અને અન્ય દરબારીઓની પ્રેરણાથી (!) કુમારપાળ મહારાજાએ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યને મહાદેવના મંદિરમાં તેમના શિવલિંગને દર્શન-વંદન કરવાની વિનંતી કરી ત્યારે દિગ્ગજ આચાર્ય ભગવંત હેમચંદ્રાચાર્યે બુલંદ અવાજે અને શ્રદ્ધાપૂર્વક બે હાથ જોડી મસ્તક નમાવી વિનયપૂર્વક કહ્યું કે, ''જન્મરૂપ બીજના અંકુરને જન્મ આપનાર રાગાદિ જેમના નાશ પામ્યા છે તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, શિવ હો કે જિન હો, તેમને મારા નમસ્કાર હોજો.''

અત્રે માનતુંગાચાર્યે કુશળતાપૂર્વક શ્લેષ (દ્વિઅર્થી) અલંકારનો ઉપયોગ કરીને બુદ્ધ, શંકર (શિવ, મહાદેવ), વિધાતા (બ્રહ્મા) અને પુરુષોત્તમ (વિષ્ણુ)ના બબ્બે અર્થ કરીને પરમાર્થથી જિનેશ્વર ભગવાન જ તે શબ્દના અર્થ પ્રમાણે બ્રહ્મા - વિષ્ણુ - મહેશ અને બુદ્ધ ઠરે છે એમ સુયુક્તિપૂર્વક પ્રતિપાદન કરીને સર્વ ગુણોનો સમન્વય જિનપ્રભુમાં જ થાય છે એમ સુંદર રીતે કોઈ પણ મતનું જરા પણ ખંડન કર્યા વગર ઘટાવ્યું છે, સિદ્ધ કર્યું છે. આ રીતે જુદા જુદા ધર્મભેદોમાં અભેદપણું સ્થાપ્યું છે. વળી, આચાર્યશ્રી એમ કહેવા માગે છે કે તે તે દેવો એકેક ગુણના (તેમના નામ પ્રમાણે) ધારક છે, જ્યારે જિનેશ્વર તે બધા ગુણો ધરાવે છે. તેથી સ્પષ્ટપણે તેઓ જ પુરુષોમાં સર્વોત્તમ છે. આમ કહીને વીતરાગ દર્શન (જૈન ધર્મ)માં બધા ધર્મોના સિદ્ધાંતોનો સમાવેશ દર્શાવેલ છે.

ભક્તામર સ્તોત્ર (વિક્રમની ત્રીજી સદી) પછી લગભગ ૫૦૦ વર્ષે (વિક્રમની આઠમી સદીમાં) થયેલા મહાન આચાર્ય હરિભદ્રસૂરિજીએ આ જ રીતે ભારતીય સંસ્કૃતિના ષડ્દર્શનનો, કોઈ પણ જાતના ખંડન - મંડન વિના અને અન્ય સર્વ દર્શનમાં રહેલ આંશિક સત્યના સ્વીકાર સાથે, જૈન (વીતરાગ) દર્શનમાં સમન્વય અને સમાવેશ કરેલ છે. નિષ્પક્ષ અને મત-દર્શનના આગ્રહથી પર એવા આ આચાર્ય પ્રથમ હરોળના સમર્થ તત્ત્વજ્ઞાની હતા. ષડ્દર્શનનું પરમાર્થ રહસ્ય સંવેદનારા આ સુપ્રસિદ્ધ 'ષડ્દર્શનવેત્તા' હરિભદ્રસૂરિએ, મત-દર્શનનો આગ્રહ છોડાવનારી અને સર્વદર્શનનો સમન્વય કરનારી ગંભીર, ઉદાર આશયવાળી, સર્વમાન્ય સર્વદર્શન સમભાવની - રાગદ્વેષ રહિત સહિષ્ણુતાની ભાવના વિકસિત કરી હતી.

ભારતના છ દર્શનોના પ્રાસંગિક અત્રે માત્ર નામ લઈએ : (૧) બૌદ્ધ (સુગત), (૨) નૈયાયિક (વૈશેષિક), (૩) સાંખ્ય (યોગ), (૪) વેદાંત (મીમાંસક), (૫) ચાર્વાક (નાસ્તિક, લોકાયતિક) અને (૬) જૈન (વીતરાગ). જુદા જુદા વિદ્વાનો, સંતો, સમયાવલી અને સંદર્ભની અપેક્ષાએ આ દર્શનોમાં પાઠાંતર, અર્થાંતર અને નામાંતર જોવામાં આવે છે.

આચાર્ય હરિભદ્રસૂરિજી પછી લગભગ ૯૦૦ વર્ષે (વિક્રમની ૧૭-૧૮મી સદીમાં) થયેલા અધ્યાત્મ યોગીશ્વર શ્રી આનંદઘનજી (અપરનામ લાભાનંદ) એ રચેલ ૨૪ તીર્થંકરોની સ્તુતિ (ચોવીસી)માં ૨૧મા તીર્થંકર શ્રી નમિનાથ ભગવાનના સ્તવનમાં છએ દર્શનોને સમયપુરુષના અંગોની ઉપમા આપીને કહ્યું કે,

**ષડ્ દર્શન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;**
**નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્ દરશન આરાધે રે.**

**અર્થ :** છયે દર્શન જિન ભગવાનના જુદાં જુદાં અંગો - અવયવો છે. છયે દર્શનો જે જુદાં જુદાં અંગો છે, તેની સ્થાપના કરવાથી આ વાત માલૂમ પડશે. જે ૨૧ મા પ્રભુ તીર્થંકર શ્રી નમિનાથ ભગવાનના ચરણને સેવે છે તે છયે દર્શનની સેવા

કરે છે, આરાધના કરે છે.

તેમની પ્રત્યેકની અથવા કોઈની પણ સેવા કરવી તે જૈનદર્શનની સેવા બરાબર છે અને કોઈ પણ દર્શનને ઉતારી પાડવાનો પ્રયત્ન કરવો તે દુર્ભવ્યતા છે. એક પણ અંગ (દર્શન)નો છેદ કરવાથી સમયપુરુષ ખોડખાંપણવાળો રહી જાય છે અને તેવું કરનાર જીવ અનંત સંસારમાં રખડે છે. વળી, નાસ્તિકતા (ચાર્વાક)નો પણ સમાવેશ કરીને ઉત્કૃષ્ટ સહિષ્ણુતા-ઉદારતા દર્શાવેલ છે.

એ પ્રાસંગિક નોંધવું જોઈએ કે માનતુંગાચાર્ય, હરિભદ્રસૂરિજી અને આનંદઘનજીની શૈલી ભગવાન મહાવીરને જ અનુસરતી છે કે જેમણે કોઈ ખંડન-મંડન વિના (કોઈ નય કે જીવ દુભવ્યા વિના) સમન્વયપૂર્વક ૧૧ વિદ્વાન બ્રાહ્મણો (ઇંદ્રભૂતિ ગૌતમ આદિ)ને તેમના જ શાસ્ત્રો (વેદ)ના યથાર્થ અર્થઘટનથી સમાધાન કરેલ કે જે 'ગણધરવાદ' તરીકે પ્રસિદ્ધ છે. પૂજ્ય આત્માનંદજી કહે છે કે, પ્રેમ, સમજણ અને સમાધાનથી જે સફળતા સાંપડે છે તે હઠાગ્રહ (વાદવિવાદ), અનુચિત ઉગ્રતા કે ભય દ્વારા સિદ્ધ થતી નથી.

આનંદઘનજી પછી લગભગ અઢીસો વર્ષે (વિક્રમની ૨૦મી સદીમાં) સાંપ્રત સમયમાં થયેલ પરમ તત્ત્વજ્ઞ (પરમકૃપાળુ દેવ) શ્રીમદ્ રાજચંદ્રજીએ રચેલ છ પદ યુક્ત (આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે) 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં પણ આ જ રીતે વીતરાગ જૈન દર્શનમાં ષટ્દર્શનનો સમન્વય અને સમાધાન કરેલ છે. યથા,

**ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ.**

(આત્મસિદ્ધિ - ૪૪)

**દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી.**

(આત્મસિદ્ધિ - ૧૨૮)

હવે, આપણે માનતુંગાચાર્યે આ શ્લોકમાં સંબોધેલ પ્રભુના ગુણવાચક ૪ વિશેષણો વિચારીએઃ

**૧. બુદ્ધ :**

હે ભગવન્ ! (૧) તમને આત્મસ્વરૂપની ઓળખાણ થઈ છે, (૨) તમે આત્મસ્વરૂપનો બોધ પામ્યા છો, (૩) તમારા સમ્યક્જ્ઞાનનો વિકાસ પરિપૂર્ણ થઈને પ્રગટ થયેલ છે, (૪) તમે સર્વજ્ઞ કેવળજ્ઞાની પરમાત્મા છો, (૫) તમારા આત્માને યથાર્થ જાણો છો કે તે ત્રિકાળી ધ્રુવ શાશ્વત અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-સુખથી પરિપૂર્ણ છે, (૬) દરેક વસ્તુને યથાર્થ જાણો છો કે તે પરિણામી - નિત્ય તથા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે, (૭) તમે બોધસ્વરૂપ થઈને કેવળજ્ઞાન પ્રગટાવ્યા પછી જ બોધ દેનારા છો, (૮) દેવતાઓથી પૂજાયેલા છો અને (૯) ઇંદ્ર-ચક્રવર્તી-ગણધર વગેરે વિદ્વાન-આત્મજ્ઞ સંતો-વિબુધજનો આપની અર્ચના-સેવના-પૂજના કરે છે તેથી આપ જ ખરેખર બુદ્ધ છો.

**૨. શંકર :**

હે ભગવન્ ! તમે (૧) ત્રણેય ભુવનને સુખકર (કલ્યાણકારી) છો (શં = કલ્યાણ, કર = કરનાર), (૨) વિઘ્નોને હરનારા છો, (૩) અનુચિત-અશુભ-દુઃખનો સંહાર કરનારા છો, (૪) જગતના જીવોને દેશનાના દાન દઈ ભવતાપ - સંતાપથી ઉગારી શાંતિના રાહે લઈ જનાર છો, (૫) શુભાશુભ દૂર કરી આત્મકલ્યાણરૂપ શાશ્વત શાંતિ પમાડનાર છો, (૬) જીવોને કર્મોથી ઉગારનારા છો અને (૭) બાહ્ય-અંતર એમ બન્ને રીતે સર્વ જીવનું રક્ષણ (નિમિત્ત અપેક્ષાએ) કરનારા છો, માટે આપ જ સાચા અર્થમાં શંકર છો.

**૩. વિધાતા (બ્રહ્મા) :**

હે ભગવન્ ! બ્રહ્માનું કામ કર્તા-નિર્માતા-વિધાતાનું છે. તે અપેક્ષાએ તમે (૧) શિવમાર્ગ-કલ્યાણમાર્ગની રચના કરો છો, (૨) મોક્ષે જવાનો પ્રાયોગ્ય અને વાસ્તવિક સેતુ બાંધનાર છો, (૩) જીવોની ભાવસૃષ્ટિના કર્તા છો, (૪) લૌકિક બ્રહ્મા-

વિધાતા તો છઠ્ઠીના લેખમાં સુખ-દુઃખ બન્ને લખે છે, જ્યારે તમે એકાંત સુખના દેનારા છો, (૫) તમારા માર્ગે ચાલવાથી પ્રાણીઓના દુઃખમાત્ર ટળી જાય છે, (૬) જે કોઈ તમારા શરણે આવે તેને મુક્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ બોધી તેનું અચિંત્ય સુખ સ્વરૂપ ભાવિ રચો છો, (૭) સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયનું વિધાન કર્યું છે, (૮) મોક્ષમાર્ગ બતાવનાર, તેની વિધિના નિર્માતા-નિર્દેશક તથા ભાગ્ય બનાવનાર છો અને (૯) પરમધીર છો, ત્રણ કાળ-ત્રણ લોકને એક સાથે જોતા-જાણતા છતાં આપનું જ્ઞાન ધીર-ગંભીર-શાંત છે, તેમાં જરાય આકુળતા નથી. જગતના સુખમાં લલચાતા નથી કે જગતના દુઃખો દેખીને ખેદ થતો નથી એવા વીતરાગી ધૈર્યવાળા છો. તેથી આપ જ યથાર્થ બ્રહ્મા-વિધાતા છો.

### ૪. પુરુષોત્તમ (વિષ્ણુ) :

હે ભગવન્ ! તમે (૧) સર્વગુણ સંપન્ન છો, (૨) ઉત્તમ ગુણોના ધારક છો, (૩) અન્ય દેવો એક-એક કાર્ય સંભાળે છે ત્યારે તમે એક સાથે બધા કાર્યો સંભાળો છો, (૪) કોઈપણ જાતના ભેદભાવ વિના સર્વ જીવના અનંત ઉપકારી છો, (૫) આપનું જીવન પવિત્ર તપ-ત્યાગથી ઉજ્જવળ, સાધના-આરાધનાથી સમૃદ્ધ અને વૈરાગ્ય-વીતરાગતાથી ચમકતું છે. (૬) મોક્ષનો શ્રેષ્ઠ પુરુષાર્થ કરનારા છો, (૭) સર્વ લૌકિક દેવોના બધા નામો ગુણ વડે તમને ઘટી શકે છે અને (૮) લૌકિક તથા અન્ય દેવોમાં એક-એક વિશિષ્ટ ગુણ પ્રકાશીને શોભે છે, ત્યારે તમારામાં બધા જ (શ્લોક ૨૩-૨૪-૨૫-૨૬ના અનુક્રમે ૬-૧૫-૪-૪) ગુણો ઝળકે છે, તેથી આપ જ પુરુષોત્તમ કહેતા વિષ્ણુ છો.

આ રીતે સમ્યક્ ગુણો વડે ભગવાનનું સ્વરૂપ ઓળખીને તેમની સ્તુતિ કરી છે. આવા ગુણ સ્વરૂપે ભગવાનને ઓળખીને હવે પછીના શ્લોક - ૨૬માં અત્યંત બહુમાનપૂર્વક વારંવાર નમસ્કાર કરે છે.

અંતમાં સર્વ જીવ ભગવાનનું શુદ્ધ સ્વરૂપ અને ગુણો ઓળખી-સમજી-વિચારી પોતામાં તેવા ગુણો પ્રગટાવે તેવી મંગલ ભાવના સાથે, જિનવાણીથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

## આપણા વૃક્ષ પર સુખનું ફૂલ...

(પાના નં. ૩૧ પરથી ચાલુ...)

તમને તો પતંગિયાને પકડવામાં રસ છે. પકડીને તેમાં ટાંકણી ભોંકી પછી ટેબલ પર ડેકોરેશનની વસ્તુ બનાવવામાં રસ છે. તમે જિંદગી સાથે પણ આવું જ કરો છો.

કેટલાંક એવું પણ કહેશે કે આની પૂજા કરો અને આના જાપ કરો. આ કે તે માનતા માનો, તમારી મનોકામના પૂર્ણ થઈ જશે. તમે ઇચ્છેલું તમને મળી જશે. આવું સમજાવનારા ઇચ્છાની પૂર્તિને સુખ અને ઇચ્છાઓની પૂર્તિ ન થાય એને દુઃખ માને છે એવો અર્થ થાય. પણ એક તો ઇચ્છાઓની પૂર્તિ થવી અસંભવ છે કારણ કે ઇચ્છાઓ અનંત છે અને ભોગસામગ્રી સીમિત છે. એક ઇચ્છાની પૂર્તિ થતાં જ તત્કાળ બીજી નવી ઇચ્છા ઉત્પન્ન થતી જ જતી હોય છે અને આ પ્રવાહ નિરંતર ચાલતો જ રહેતો હોય છે.

ભગવાન મહાવીરે સાચું જ કહ્યું છે કે સંસારમાં જેટલાં દુઃખો છે તે બધા કામની આસક્તિને લઈને ઊભા થયાં છે. દુઃખોની જનની ઇચ્છાઓ છે, વાસનાઓ છે, કામનાઓ છે પણ આ બધું ન હોય તો સુખ મળે જ ? પાનખર પછી વસંત આવે તેવો કુદરતનો અફર નિયમ છે પણ એ વસંતમાં આપણા વૃક્ષ ઉપર સુખનું ફૂલ બેસશે જ એવું કહી ના શકાય.

# સમ્યક્જ્ઞાન

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

સિદ્ધાંતગ્રંથોમાં મુખ્યરૂપથી સાતનયોનું નિરૂપણ કર્યું છે. જેમાં પ્રથમ ત્રણ (૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહારનય દ્રવ્યને વિષય કરે છે તેથી દ્રવ્યાર્થિકનય કહે છે તથા શેષ ચાર (૪) ૠજુસૂત્ર (૫) શબ્દ (૬) સમભિરૂઢ (૭) એવંભૂત માત્ર પર્યાયની મુખ્યતાથી કથન કરે છે તેથી પર્યાયાર્થિકનય કહે છે. આનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રકારે છે :-

**[૧] નૈગમનય :** નૈગમનો અર્થ છે સંકલ્પ કરવો અર્થાત્ કોઇ પદાર્થ ક્રિયા આદિમાં ભૂત-ભાવિ આદિનો સંકલ્પ વિશેષ કરવો નૈગમનય કહેવાય છે. આ નય દ્રવ્યની ભૂતકાળની પર્યાયમાં પણ વર્તમાનની જેમ સંકલ્પ કરે છે. જેમ કે "આજે દિવાળીના દિવસે મહાવીર ભગવાન મોક્ષે ગયા" આને ભૂત નૈગમનય કહે છે તથા આગામી ભાવિ પર્યાયમાં પણ વર્તમાનની જેમ સંકલ્પ કરે છે. જેમ કે "અર્હન્ત સિદ્ધ જ છે." આને ભાવિ નૈગમનય કહે છે અને વર્તમાનની અનિષ્પન્ન કે થોડી નિષ્પન્ન પર્યાયમાં પણ વર્તમાનનો સંકલ્પ કરે છે. જેમ કે જે સમયે ચૂલો સળગાવી રહ્યા હોય તેને જોઇને આ ભોજન બનાવી રહ્યા છે એમ કહેવું આને વર્તમાન કે સાંપ્રત નૈગમ નય કહે છે. આ નય શબ્દ સંબંધી વિવાદોને મટાડવાનું અચૂક શસ્ત્ર છે.

**[૨] સંગ્રહનય :** પદાર્થમાં એક જ જાતિના સમસ્ત ભેદોને એક સાથે બતાવવા તેને સંગ્રહનય કહે છે. જેમ કે બધા પદાર્થ સત્તાવાન હોય છે, जीवः उपयोग लक्षणः। દા.ત. આ કક્ષમાં ૫૦ વિદ્યાર્થી બેઠા છે ઇત્યાદિ સંગ્રહનયનું કથન છે. અર્થાત્ આમાં પદાર્થને ગુણવિશેષની અપેક્ષાએ અભેદરૂપથી સ્વીકાર કરવામાં આવે છે.

**[૩] વ્યવહારનય :** સંગ્રહનય દ્વારા અભેદરૂપથી ગ્રહિત વસ્તુઓને વિધિપૂર્વક અંતિમ સીમા સુધી ભેદ કરીને જે બતાવે તેને વ્યવહારનય કહેવાય છે.જેમ કે જીવ બે પ્રકારના છે :- સંસારી તથા સિદ્ધ. પાછું સંસારી જીવ પણ બે પ્રકારથી - ત્રસ તથા સ્થાવર. ફરી સ્થાવર જીવ પાંચ પ્રકારે છે ઇત્યાદિ ભેદ-પ્રભેદ કરતા જવું તે વ્યવહારનયના અંતર્ગત આવે છે.

**[૪] ૠજુસૂત્રનય :** પદાર્થ વર્તમાન સમયે જે અવસ્થારૂપ પરિણત છે તેને તે રૂપે જ ગ્રહણ કરવો, તેના ભૂત-ભાવિ સ્વરૂપને ગૌણ કરી કથન કરવું તેને ૠજુસૂત્રનય કહેવાય છે. અર્થાત્ જે વસ્તુ જે સમયે જેવી છે તેને તેવી જ સ્વીકારવી તેને ૠજુસૂત્રનય કહેવાય છે. જેમ કોઇ વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીઓને ભણાવતો હોય તે સમયે તેને શિક્ષક કહેવો કે કોઇ બાળક નાટકમાં ન્યાયના આસન પર બેઠો હોય તે સમયે તેને રાજા કે ન્યાયાધીશ કહેવો. જ્યારે કોઇ સિંહ જેવું પરાક્રમ કરી રહ્યો હોય ત્યારે તેને સિંહ કહી દેવો ઇત્યાદિ ૠજુસૂત્રનયનું કથન છે.

**[૫] શબ્દનય :** જે નય બધી વસ્તુઓને સંખ્યા, લિંગ આદિ ભેદોની અપેક્ષાએ ભેદરૂપ ગ્રહણ કરે છે તેને શબ્દનય કહે છે. આમાં જે શબ્દ કે વાક્ય, જે લિંગ, વચન, વિભક્તિ, કારક, કાળ આદિ રૂપ જેમ સીધા રૂપથી સિદ્ધ હોય છે તેવું જ માનવામાં આવે છે. જેમ કે 'સેના પર્વત પર રહે છે' આ મૂળરૂપ વ્યાકરણની દષ્ટિએ સાચી વાક્યરચના છે, પરંતુ તેને 'સેના પર્વતે રહે છે' એવું કહેવું કારક વ્યભિચાર છે. આ નય આ વ્યભિચારનો સ્વીકાર કરતો નથી. તે કહે છે કે

કારક, લિંગ, વચન આદિ વ્યભિચાર રહિત જેવું હોય તેવું જ કહો, જેમ કે કોઇ પુરુષ પોતાની માતાને સન્માન માટે કહે છે કે "માતા આપ ક્યાં જઇ રહ્યાં છો ?" તો આ વાક્ય મૂળમાં સ્ત્રીલિંગ હોવું જોઇએ તેથી "આપ ક્યાં જઇ રહી છો" તે સત્ય છે. શબ્દનય પૂર્વના લિંગ, વ્યભિચાર યુક્ત વાક્યનો સ્વીકાર કરતો નથી.

**[૬] સમભિરૂઢનય :** જે નય એક શબ્દના જુદા-જુદા અર્થોમાંથી મુખ્ય જે પ્રસિદ્ધ (રૂઢ) થઇ ગયો છે તેને જ ગ્રહણ કરે, બાકીનાને ગૌણ કરી દે તે સમભિરૂઢ નય કહેવાય છે. જેમ કે 'ગૌ' શબ્દના અનેક અર્થ થાય છે. પરંતુ આ નય 'ગૌ' શબ્દનો લોકમાં પ્રસિદ્ધ 'ગાય' જ અર્થ કરે છે અથવા જેમ ઇન્દ્રના શક્ર, પુરંદર, દેવેન્દ્ર આદિ અનેક ક્રિયાવાચી નામ છે. પરંતુ આ નય રૂઢ અર્થ 'ઇન્દ્ર' જ ગ્રહણ કરે છે તથા સાથે-સાથે અન્ય ભેદોનો ગૌણરૂપથી સ્વીકાર કરે છે.

**[૭] એવંભૂતનય :** જે શબ્દનો જે ક્રિયારૂપ અર્થ છે, તે ક્રિયા જ્યારે થતી હોય ત્યારે જ તે પદાર્થને ગ્રહણ કરનાર વચન અને જ્ઞાન એવંભૂતનય કહેવાય છે. જેમ કે પૂજારી જ્યારે પૂજા કરતો હોય તે સમયે જ તેને પૂજારી કહેવો, અન્ય સમયમાં કહેવો નહીં અથવા શિક્ષક જ્યારે ભણાવે તે સમયે જ તેને શિક્ષક કહેવો, બાકીના સમયે કહેવો નહીં. ઇત્યાદિ પ્રકારે એવંભૂતનયનું સ્વરૂપ છે. અર્થાત્ વસ્તુ જે સમયે જે સ્વભાવરૂપ પરિણત હોય તે સમયે તે તે સ્વભાવમય હોય છે. તેથી તે પરિણામરૂપ વસ્તુને ગ્રહણ કરનાર નયને એવંભૂત નય કહેવાય છે.

આ રીતે સંક્ષેપમાં નયોનું સ્વરૂપ કહ્યું, **"નયોનું પ્રયોજન અનંતધર્માત્મક વસ્તુને જુદા-જુદા દૃષ્ટિકોણો દ્વારા જાણીને તત્સંબંધી અજ્ઞાનની નિવૃત્તિ કરવી તે છે"** છદ્મસ્થ જીવોને સકલ પ્રત્યક્ષ જ્ઞાન ન હોવાથી ક્રમે-ક્રમેથી ભિન્ન-ભિન્ન અવસ્થાઓ રૂપ ભેદદૃષ્ટિથી જ પદાર્થનું યથાર્થજ્ઞાન સંભવિત છે. પછી પદાર્થનો સાક્ષાત્ અનુભવ કરવા માટે ભેદ દૃષ્ટિઓને ગૌણ કરીને અભેદનયાશ્રિત અખંડ સત્તાને ગ્રહણ કરે તેનું નામ અપરોક્ષાનુભૂતિ છે. આ રીતે જે પુરુષ નયો દ્વારા લોકમાં વસ્તુનો વ્યવહાર કરે તે પુરુષ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રને અને સ્વર્ગ-મોક્ષને સાધે છે.

## સ્યાદ્વાદ

અનંતધર્માત્મક વસ્તુને ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણો દ્વારા વસ્તુના જુદા-જુદા ધર્મોને વ્યક્ત કરવાની વિશિષ્ટ વચનશૈલીને સ્યાદ્વાદ કહે છે. 'સ્યાત્' શબ્દનો અર્થ 'કથંચિત્' એવો છે. 'કથંચિત્'નો અર્થ કોઇ અપેક્ષાએ આવું છે એમ થાય છે. ઘણા લોકો ભ્રમથી "સ્યાત્" શબ્દને 'કદાચ' શબ્દના અર્થમાં ગ્રહણ કરે છે, પરંતુ 'કદાચ' શબ્દ તેનો સમાનાર્થી નથી. કદાચનો અર્થ હોઇ પણ શકે અને ન પણ હોય એવો છે. પરંતુ 'કથંચિત્' શબ્દનો અર્થ આવું જ છે, પરંતુ કોઇ અપેક્ષાએ આવું છે એવો છે. 'કદાચ' શબ્દ સંશયવાચક છે અને 'કથંચિત્' શબ્દ અસંશયવાચક છે.

પૂર્વમાં કહ્યું હતું કે વસ્તુ અનેક ધર્માત્મક છે. તેના અનેક ધર્મોને એક સાથે જાણી તો શકાય છે, પરંતુ સર્વધર્મોને એક સાથે વચન દ્વારા અભિવ્યક્ત કરી શકાતા નથી. કારણ કે એક વચન એક સમયમાં એક જ ધર્મને વ્યક્ત કરવાની મર્યાદાવાળું છે. તેથી એવી ભાષા શૈલીનો આવિષ્કાર કર્યો છે, જેના દ્વારા ઓછા શબ્દોમાં વધારે પદાર્થજ્ઞાન થઇ શકે એવી શૈલીનું નામ સ્યાદ્વાદ છે. આમાં સાત ભંગો દ્વારા વસ્તુના સ્વરૂપનું કથન કર્યું છે. આ ભંગ સાત જ કેમ હોય છે ? એનો જવાબ એ છે કે વસ્તુના સંબંધમાં જિજ્ઞાસા સાત પ્રકારે થાય છે અને જિજ્ઞાસા સાત જ પ્રકારની કેમ હોય છે ? તેના

સમાધાનરૂપે એ જ કહી શકાય છે કે સંશય સાત પ્રકારે હોય છે અને સાત પ્રકારના સંશય હોવાના કારણે સંશયની વિષયભૂત વસ્તુના ધર્મ સાત પ્રકારથી છે. તેથી અપુનરુક્ત રૂપથી આ સાત ભંગ જ સંભવે છે. આશય એ છે કે સપ્તભંગીન્યાયમાં મનુષ્ય-સ્વભાવની તર્કમૂલક પ્રવૃત્તિનું ઊંડું સંશોધન થાય છે. જે સત્, અસત્, ઉભય અને અનુભય આ ચાર પ્રકાર તત્ત્વવિચારના ક્ષેત્રમાં પ્રચલિત છે. તેમનો મહત્તમ વિકાસ સાત રૂપમાં જ સંભવે છે. સત્ય ત્રિકાલાબાધિત હોય છે. તેથી તર્કજન્ય પ્રશ્નોનું સમાધાન સપ્તભંગી પ્રક્રિયા દ્વારા કરી શકાય છે. પ્રત્યેક વસ્તુના સ્વતંત્ર ગુણ અને પર્યાય છે અને આ પ્રતિષેધ સાપેક્ષ છે અર્થાત્ કોઇ પણ વસ્તુનું પ્રતિપાદન તેના પ્રતિપક્ષી ધર્મની અપેક્ષાથી કરાય છે. સપ્તભંગીન્યાય વસ્તુના યથાર્થ સ્વરૂપ સુધી પહોંચાડવાનું સાધન છે. આ સાત ભંગ આ પ્રકારે છે :-

(૧) સ્યાત્ અસ્તિ :- કથંચિત્ પદાર્થ છે.

(૨) સ્યાત્ નાસ્તિ :- કથંચિત્ (કોઇ અપેક્ષાએ) પદાર્થ નથી.

(૩) સ્યાત્ અવક્તવ્યમ્ :- પદાર્થ કથંચિત્ અવક્તવ્ય છે.

(૪) સ્યાત્ અસ્તિનાસ્તિ :- પદાર્થ કથંચિત્ છે, કથંચિત્ નથી.

(૫) સ્યાત્ અસ્તિઅવક્તવ્ય :- પદાર્થ કથંચિત્ છે પરંતુ અવક્તવ્ય છે.

(૬) સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય :- પદાર્થ કથંચિત્ નથી પરંતુ અવક્તવ્ય છે.

(૭) સ્યાત્ અસ્તિનાસ્તિ અવક્તવ્ય :- પદાર્થ કથંચિત્ છે કથંચિત્ નથી અને અવક્તવ્ય છે.

હવે આ સપ્તભંગીને આત્મા નામના પદાર્થ પર ઘટિત કરીને વિવેચિત કરીએ છીએ :-

**[૧] સ્યાત્ અસ્તિ આત્મા :-**

કથંચિત્ આત્મા છે, પોતાના અસ્તિત્વાદિ ધર્મોની અપેક્ષાએ આત્મા એક સત્તાવાન પદાર્થ છે. પરંતુ અહીં સ્યાત્ શબ્દ દ્વારા એ બતાવ્યું છે કે આત્મા એકાંતથી અસ્તિરૂપ નથી, પરંતુ પર દ્રવ્યોની અપેક્ષાએ નાસ્તિત્વ ધર્મ પણ છે. તેથી કોઇ વ્યક્તિ જડની અપેક્ષાએ આત્માને નાસ્તિરૂપ કહે તો તેનું કથન પણ અપેક્ષાકૃત સાચું છે. અર્થાત્ અહીં 'સ્યાત્ આત્મા' નો અર્થ કોઇ અપેક્ષાએ આત્મા છે એવો અર્થ લેવો જોઇએ. જો એકાંતથી 'આત્મા છે જ' એવું કથન કરવામાં આવે તો વસ્તુના અનિત્યાદિ ધર્મોનો અસ્વીકાર થઇ જશે, જેનાથી અનાવસ્થા ઉત્પન્ન થઇ જશે.

**[૨] સ્યાત્ નાસ્તિ આત્મા :-**

કથંચિત્ આત્મા નથી. પર દ્રવ્યોની અપેક્ષાએ અથવા મૂર્તત્વ આદિની અપેક્ષાએ કથંચિત્ આત્મા નાસ્તિરૂપ છે. અર્થાત્ સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષા આત્મા સદૈવ અસ્તિરૂપ છે, પરંતુ પર દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ આત્મા સદૈવ નાસ્તિરૂપ જ છે.

**[૩] સ્યાત્ આત્મા અવક્તવ્યમ :-**

કથંચિત્ આત્મા અવક્તવ્ય છે. અર્થાત્ શબ્દ દ્વારા આત્માને પૂર્ણ અભિવ્યક્ત કરી શકાતો નથી. આત્મા અનંત ધર્માત્મક છે. તે બધા ધર્મોને વાણી દ્વારા કહી શકાતા નથી કારણ કે શબ્દ સીમિત છે. ગુણ અસીમિત છે. બીજું શબ્દ દ્વારા આત્માને પરોક્ષરૂપે જ વ્યક્ત કરી શકાય છે, પ્રત્યક્ષ નહીં કારણ કે પ્રત્યક્ષ આત્મા માત્ર સ્વાનુભવગોચર છે કે જે શબ્દનો વિષય નથી. તેથી કોઇ અપેક્ષાએ આત્મા અવક્તવ્ય છે. પરંતુ સર્વથા અવક્તવ્ય પણ ન માનવો જોઇએ, નહીં તો સંપૂર્ણ દ્વાદશાંગી નિરર્થક થઇ જશે.

• • • **(ક્રમશઃ)**

# અસંકુચિતવિકાસત્વ શક્તિ (૧૩)

વલભજી હીરજી 'કેવલ'

જ્ઞાનસ્વરૂપ આત્મામાં 'અસંકુચિત વિકાસત્વ શક્તિ' છે, એટલે એના ચૈતન્યનો વિલાસ સંકોચ વગર વિકાસ પામે એવો એનો સ્વભાવ છે. એનો વિકાસ તો અમર્યાદિત છે. એને કોઈ કાળની કે ક્ષેત્રની મર્યાદા નથી. અમર્યાદિત કાળને અને અમર્યાદિત ક્ષેત્રને જાણી લેવાની એની તાકાત છે. આવો ચૈતન્યનો વિલાસ છે. ભિન્ન ભિન્ન લક્ષણવાળી અનંત શક્તિ જ્ઞાનમાત્ર આત્મામાં એક સાથે રહેલી છે. સંકોચ વગરનો પૂરો વિકાસ થાય ને ફરીને કદી બીડાય નહીં એવો આત્માનો સ્વભાવ છે. જ્ઞાનના વિલાસનું આ ચમત્કારિક સામર્થ્ય છે.

આત્માની જ્ઞાનશક્તિમાં આ અસંકુચિત-વિકાસત્વ શક્તિના રૂપ છે, જેથી જ્ઞાનની શક્તિમાં સંકોચ વિના પૂરણ વિકાસ થાય છે, અને ત્રણ કાળ ત્રણ લોકની પર્યાયને સંકોચ વિના એક સમયમાં જાણે છે. ચૈતન્યનો પૂર્ણ વિલાસ થતાં જાણવામાં કોઈ ક્ષેત્ર કે કાળની મર્યાદા નથી. એક એક ગુણની એક એક પર્યાય સંકોચ વિના વિલસે એવો આત્માની અસંકુચિત વિકાસત્વ શક્તિનો સ્વભાવ છે. જીવત્વશક્તિમાં જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા એવા ચાર ભાવપ્રાણ છે. તેનો સંકોચ વિના પર્યાયમાં વિકાસ થાય એવો જીવત્વશક્તિનો સ્વભાવ છે. આંતર-પ્રતીતિ કરી અંતર-રમણતા કરતાં પર્યાયમાં પરમાત્મપદનો વિકાસ થશે.

આત્માની અસંકુચિતવિકાસશક્તિ સર્વગુણોમાં વ્યાપક છે, એટલે જ્ઞાનમાં કેવળ જ્ઞાનપણે વિકાસવાની તાકાત છે, આનંદગુણમાં પૂર્ણ આનંદરૂપે વિકસવાનો સ્વભાવ છે. આવી શક્તિ સહિત આત્માને ઓળખે ત્યારે જ આત્માને જાણ્યો કહેવાય, ને પર્યાયમાં તેવો સ્વભાવ ખીલી જાય. સ્વરૂપના સામર્થ્ય તરફ રુચિનું વલણ થતાં આત્માની અનંત શક્તિનો વૈભવ હાથમાં આવે. ઉપસર્ગ કે પરિષહના ગમે તેવા સંયોગો વચ્ચે પણ આત્માની શક્તિ ઘેરાઈ જતી નથી. વિકાસ-શક્તિના આશ્રયે પર્યાય પણ વિકાસરૂપ થાય છે. આવી શક્તિવાળા આત્માને એક સંકુચિત પર્યાય જેટલો માની લેવો તે તો પર્યાયબુદ્ધિ છે, સંકુચિત બુદ્ધિ છે.

આત્મસ્વભાવનો અપાર મહિમા છે. કોઈ અન્ય ચીજ વડે તેનો મહિમા નથી. ચૈતન્ય દ્રવ્ય તેના અનંત ગુણો અને તે તરફની નિર્મળ પર્યાય-એ ત્રણેય મહિમાવંત છે. આવું આત્માપણું છે. આત્માપણું પરમાં કે રાગમાં નથી, પણ શુદ્ધ દ્રવ્ય - ગુણ-પર્યાયમાં આત્માપણું છે. આવા શુદ્ધ આત્માને લક્ષમાં લેતા સંકોચ વગરનો વિકાર થાય છે. ચૈતન્યનો તે વિલાસ ક્ષેત્ર કે કાળની મર્યાદા વગરનો છે. નરકમાં સમ્યગ્દષ્ટિ જીવો આત્માના આનંદનું વેદન કરે છે. આ રીતે નરકનું ક્ષેત્ર પણ ચૈતન્યના અસંકુચિત-વિકાસને અટકાવતું નથી. આત્માનો એવો સ્વભાવ છે કે ગુણોનો વિકાસ થાય પછી તેમાં સંકોચ રહે નહીં, જ્ઞાનમાત્ર આત્માના અનુભવમાં આવી એક શક્તિ પણ ભેગી જ પરિણમે છે.

આત્મામાં અંતર્મુખ થઈ અવલોકતાં સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ આદિ અનંત શક્તિમાં સંકોચ વિના પૂર્ણ વિકાસ થાય એવા નિજસ્વભાવની પ્રતીતિ થાય છે. આમાં આ એક ન્યાય સમજે તો બધા જ ભાવ સમજાઈ જાય એવી વાત છે. આ અસંકુચિત-વિકાસત્વ શક્તિ દ્રવ્ય-ગુણમાં તો ત્રિકાળ વ્યાપક છે અને સ્વસન્મુખતા વડે તેનો સ્વીકાર કરતા જ તે પર્યાયમાં વ્યાપક થાય છે. ત્રિકાળી દ્રવ્ય, અસંકોચ વિકાસરૂપ ગુણો અસંકોચ વિકાસરૂપ અને તદ્રૂપ પરિણમન પણ અસંકોચ-વિકાસરૂપ !

(ક્રમશઃ)

• • •

# હલો ! હું શેતાન જુનિયર બોલું છું !!!

હલો, હું શેતાન જુનિયર બોલું છું. બોસને લાઈન આપ...

હા સર ! આપણું બધું જ કામ થઈ ગયું છે.

એમ નહીં, ટુ ધ પોઈન્ટ વાત કર. દુનિયાને બરબાદ કરવા તે શું કર્યું ?

હા સર ! સૌથી પહેલાં મેં આખી એજ્યુકેશન સિસ્ટમ ડિસ્ટર્બ્ડ કરી દીધી. પહેલા અહીં ૧૫-૧૬ વર્ષનો છોકરો કમાવા લાગતો હતો, તે હવે ૨૫-૨૬ વર્ષ સુધી તો ભણ્યા જ કરે છે.

શું વાત કરે છે ? પણ આટલું બધું ભણીને તો એનું કેટલું ભલું થઈ જશે !

ભલું ? માય ફુટ, સોરી બોસ ! મેં એવું ભણતર ગોઠવી દીધું છે, કે જેમાં મેક્ઝીમમ તો યુઝલેસ છે. એ નકામા ભણતરના બોજા જ એવા પહાડ જેવા છે કે એમાં કામનું ભણતર તો સાવ રહી જ જાય. હું અહીંનું એક હાઈ-એજ્યુકેટેડ સેમ્પલ મોકલી આપીશ. એના રિસર્ચથી તમને બધો જ ખ્યાલ આવી જશે.

વેલ ડન, નેક્સ્ટ ?

યસ બોસ, ધેર ઈસ અ લિન્ક, પચ્ચીસ વર્ષ સુધી સંતાનને ભણાવવાનો જે કમરતોડ ખર્ચો છે, એમાં જનતાની સુખ-શાંતિ ખરેખર તૂટી જાય છે. બોસ ! સોરી ટુ સે, એ આપણા પ્રિન્સિપલ્સની વિરુદ્ધ છે, પણ ક્યારેક મને પણ દયા આવી જાય છે.

ઈટ્સ ઓકે, ધેન ?

પછી શું, દિવસ ને રાત ગમે તે રીતે પૈસા કમાઈ લેવાનો 'હડકવા' લોકોને લાગી ગયો છે. ને આ હડકવા એવો પાવરફુલ છે કે જેને પૈસાની જરૂર નથી એ ય આદુ ખાઈને એની પાછળ પડી ગયા છે. મેં એમની બુદ્ધિને એવી ભ્રષ્ટ કરી દીધી છે કે સાચું સુખ શાંતિ અને સંતોષમાં છે, આ સત્ય તેઓ સાવ જ ભૂલી ગયા છે અને પૈસા જ સાચું સુખ છે, એવો એમને નશો ચડી ગયો છે.

એક્સીલન્ટ, નેક્સ્ટ ?

પૈસાને જ સર્વેસર્વા માનતા કેટલાંક મોટા માથાઓને મેં એટલી હદે બગાડ્યા છે કે તેઓ પીપરથી માંડીને મોટરગાડી સુધી અને સ્લીપરથી માંડીને બંગલા સુધીની વસ્તુઓ બનાવી બનાવીને વેંચવા માટે મરણિયા બન્યા છે. એ લોકો આ કામ માટે હલકામાં હલકી કક્ષાએ ખૂબ જ સહેલાઈથી જઈ શકે છે. એમણે પર્યાવરણને તો ખેદાનમેદાન કરી જ દીધું છે. લોકોના જીવનનો પણ સત્યાનાશ વાળ્યો છે. બાળકોથી માંડીને બુઢ્ઢાઓ સુધીનાને આ લોકો જાતજાતના રસ્તાથી નકામી વસ્તુઓ માટે એટલી હદે લલચાવે છે, કે લોકો બિચારા એ વસ્તુઓને 'જીવનલક્ષ્ય' બનાવી દે છે.

પછી ?

સત્યાનાશ, રણની રેતીમાં 'પાણી' સમજીને જેમ જાનવર દોડતું જ રહે છે, તેમ આ લોકો જીવનભર સુધી પૈસા કમાવા, તે-તે નકામી વસ્તુઓ લેવા, તેને મેઈન્ટેઈન કરવા... બસ, ઊંધુ ઘાલીને દોડતાં જ રહે છે. યસ, ટિલ ડેથ, રણમાં પાણી હોય તો મળે ને ?

આઈ એમ પ્રાઉડ ઓફ યુ, ટેલ નેક્સ્ટ.

પછી તો આ દોડાદોડી, આ ટ્રાફિક, આ ફેક્ટરીઓ, આ ધુમાડાઓ, આ કેમિકલ વેસ્ટ, આ રોંગ સિવિલાઈઝેશન્સ, આ ફલશ ટોઈલેટ્સ, આ તદ્દન ખોટી ગટર સિસ્ટમ્સ, આ નદીઓ, દરિયાઓ અને ભૂગર્ભ જળના પ્રદૂષણો, આ વાઈ-ફાઈની મેડનેસ, આ રેડિયેશન્સ, આ ન્યૂક્લિયર ઈફેક્ટસ, આ ફર્ટિલાઈઝર્સ, પેસ્ટીસાઈડ્સ, હાઈબ્રીડ્સ, આ કતલખાનાઓ, આ પોલ્ટ્રીફાર્મ્સ...

બોસ, તમારા સોગંદ, છેલ્લા હજારો વર્ષોમાં તમે જે લોસ નથી કરી શક્યા, એટલો લોસ નહીં પણ એના કરતાં કરોડોગણો લોસ તમે મને અહીં મોકલ્યા પછી મેં કરી દીધો છે. ને આ બધાનાં કારણે એટલા બધાં રોગો ફાટી નીકળ્યા છે કે જેમનું પહેલા નામોનિશાન પણ ન હતું.

શું વાત કરે છે ?

હા, ક્લીનિક્સ, હોસ્પિટલ્સ, ડાયગ્રોસ્ટિક સેન્ટર્સ, મેડિકલ સ્ટોર્સ, જાત-જાતના થેરાપી સેન્ટર્સ... બધું જ હાઉસફુલ થઈ ગયું છે. બિચારો માણસ, માંદો પડ્યા વિના રહે નહીં, અને માંદો પડ્યો એટલે મરી ગયો. હેરાન-પરેશાન થઈ જાય, સાવ ખાલી થઈ જાય, ને પછી ય રિઝલ્ટ કાંઈ વખાણવા જેવું હોતું નથી.

વન્ડરફુલ, હજી કાંઈ બાકી છે ?

શું બોસ ? તમે શેતાન થઈને આટલામાં સંતોષ માની લો છો. મેઈન વાત તો હજી બાકી છે.

મેં ચિંતન કર્યું કે લોકોના સુખનો ખરો સોર્સ તો કલ્ચર એન્ડ મોરલ્સ છે. એટલે મારે એમને બરાબર દુઃખી કરી દેવા હોય, તો મારે એના ટુકડે ટુકડાં કરી દેવા જોઈએ. ને આ કામ મેં કરી દીધું. હવે તમે અહીં આવીને જુઓ, કોઈ સ્ત્રી તમને લાજ કાઢેલી નહીં દેખાય, જ્યાં જુઓ ત્યાં બધું ઉઘાડું જ ઉઘાડું. સાવ શેમલેસ. કદાચ તમને પણ શરમ આવી જશે. ટી.વી., સિનેમા, મોબાઈલ, ઈન્ટરનેટ, છાપાં, મેગેઝિન્સ, માર્કેટ્સ — આ બધાંનાં દ્વારા મેં સંસ્કૃતિનું ગળું મરડી નાખ્યું છે. છેડતીઓથી માંડીને બળાત્કારો સુધીના અને વ્યભિચારોથી માંડીને ગુપ્ત રોગો સુધીનાં આંકડાં જ મારી જ્વલંત સફળતાને પુરવાર કરે છે.

અકલ્પ્ય !!! પણ શું કોઈ નારીવાદી સંસ્થાઓ તારો વિરોધ નથી કરતી ?

હા... હા... હા... બોસ ! તમારા આશીર્વાદ એવા છે, કે એ લોકોએ તો મને સ્ટ્રોંગ સપોર્ટ આપ્યો છે. ખરી વાત કરું, તો મેં એમને એવા ઊંધા ચશ્મા પહેરાવ્યા છે કે સ્ત્રીસ્વાતંત્ર્ય, મહિલાવિકાસ, વગેરેના નામે તેઓ જ 'નારી'નું નિકંદન કાઢી રહ્યા છે. મન ફાવે એવા કપડાં પહેરો, મન ફાવે ત્યાં - મન ફાવે તેની સાથે - મન ફાવે તેમ હરો-ફરો. તમે જેટલા નફ્ફટ બનશો, એટલાં જ પ્રગતિશીલ કહેવાશો. જેટલી લાજ-શરમને નેવે મૂકશો, એટલાં જ તમે મોર્ડન કહેવાશો - આવા કેટકેટલા ભૂંસા જાતજાતના માધ્યમોથી આજની સ્ત્રીના મનમાં ભરવામાં આવે છે, કે જેમાંથી બહાર નીકળવાની વાત તો દૂર, તેનો વિચાર પણ દુર્લભ થઈ જાય છે. દાઢીની બ્લેડથી માંડીને આઈ.પી.એલ.ની મેચો સુધીના બજારમાં સ્ત્રી ગોઠવાઈ ગઈ છે.

બોસ ! પહેલા 'બજારું' સ્ત્રી ગણી-ગાંઠી રહેતી. છુપાઈને રહેતી. બજારું તરીકે જાહેર થતાં શરમાતી, લોકો એને વેશ્યા તરીકે ઓળખતાં. હવેની બજારું સ્ત્રીઓ હીરોઈન, મોડલ, સુપર મોડેલ, આઈટમ ગર્લ, આલ્ફા વુમન વગેરે નામે ઓળખાય છે. મેં નામ બદલી દીધું. વસ્તુ તો એ જ રહી છે. પણ આખું વાતાવરણ ફરી ગયું છે. 'શરમ' શબ્દ શબ્દકોષમાં રહી ગયો છે. લોકો તાળીઓથી એ નફ્ફટાઈને આવકારે છે. ને આ બધો પ્રવાહ જોઈને સારા સારા ઘરની સ્ત્રીઓએ પણ એ જ દિશામાં દોડવા માંડ્યું છે.

અને બોસ ! અંદરની વાત કહું, તો પ્રસિદ્ધિ અને પૈસા આ બંને મેળવવા માટે એ સ્ત્રીઓ ગમે તે હદે જઈ શકે છે, અને બધી જ જાતના કોમ્પ્રોમાઈઝ કરી શકે છે.

તો પછી ફેમિલીનું શું ?

બોસ, ન પૂછો તો સારું. એનું રહસ્ય કહેતા તો મારી ય જીભ નથી ઉપડતી. પણ... હવે ફેમીલી-રિલેશન્સ વિખેરાઈ રહ્યા છે. મેં દુનિયાને દુઃખી થવાના રસ્તે એવી દોડાવી દીધી છે, કે ઘણા ખરાંને તો મમ્મી-પપ્પા, પતિ-પત્ની, પુત્ર-પુત્રી જોઈતાં જ નથી. હવે કૌટુંબિક સંબંધો પણ વિકૃત થવા લાગ્યા છે. બોસ !

બધું કાંઈ છાપે ન આવે, પણ મારી કઠપૂતળીઓને હું તો ઓળખું ને ?

બસ, હવે મારે આગળ કશું નથી સાંભળવું. મને ઓલમોસ્ટ બધો ખ્યાલ આવી ગયો છે. શેતાનોની સિત્યોતેર પેઢીએ જે સિતમ નથી ગુજાર્યો, એવો કાળો કેર તે વર્તાવી દીધો છે. હવે મને ફક્ત એટલું કહી દે, કે પૃથ્વી પર કેટલાંક સંતો અને સજ્જનો પણ છે, આ સિચ્યુએશનમાં તેમનો રોલ શું છે ?

બોસ ! મારા આ ઘોંઘાટમાં એમની બૂમાબૂમ ક્યાં સંભળાય ? એ બિચારા ઊંચા-નીચા તો ઘણાં થાય છે. ઘણા તો લોહીના આંસુ પણ પાડે છે, પણ દુનિયા આખીમાં મૂર્ખામીનું એકછત્રી સામ્રાજ્ય હોય એમાં ડહાપણની વાત કરનારાં જ સ્ટુપિડ લાગે ને ? સાચું કહું, તો મને એમનો જ ડર હતો. મારા કામમાં મને કોઈ નડી શકે તેમ હોય, તો તે તેઓ જ હતાં. એટલે મેં એક પેંતરો રચ્યો, એ બધાંને મેં સાંપ્રદાયિક, વેદીયા, જુનવાણી, ભગવાકરણ કરવાવાળા, બિનવ્યવહારુ વગેરે શબ્દોથી ખૂબ વગોવી દીધાં.

મારી ચડવણીથી લોકો એમનાથી દૂર ભાગવા લાગ્યાં. હજી ય તેઓ તો તેમનાથી બનતા પ્રયત્નો કરે છે. પણ મેં કહ્યું ને ? મેં ગોઠવેલું યુઝલેસ એજ્યુકેશન, મનીમેડ એટમોસફિયર, બજારું સ્ત્રીઓની માયાજાળ - આ બધામાં ફસાયેલી પબ્લિક એમની કલ્ચર એન્ડ મોરલ્સની વાતો શી રીતે સાંભળી શકે ? ઈન શોર્ટ, વી આર સક્સીડ.

નો ડાઉટ, પણ પૃથ્વી પરના લોકોમાંથી હજી કોઈ બચી જાય, એવી શક્યતા ખરી ?

બોસ ! એક મિનિટ, આજુ-બાજુ બરાબર જોઈ લેવા દો, કોઈ સાંભળી ન જાય... હા, સ્વૈચ્છિક રીતે જે વ્યક્તિ મેં ફેલાવેલી બધી જ ખરાબીઓથી દૂર રહેશે એ બચી જશે, બાકી તો બરબાદીનું નેટવર્ક બરાબર ગોઠવાયેલું છે. હું રોજ રોજ શેતાનિયતના એટમબોમ્બ નાંખીને ખાના-ખરાબી કર્યા કરું છું. ને આ લોકો ત્રીજું વિશ્વયુદ્ધ ન થાય ને શાંતિ જળવાઈ રહે એની પ્રાર્થનાઓ કર્યા કરે છે.

સ્માર્ટ, વેરી સ્માર્ટ. તું આવે ત્યાં સુધીમાં તારા માટે 'શેતાનરત્ન'નો એવોર્ડ તૈયાર રાખું છું. કિપ ઈટ અપ. ■ ■ ■

---

## પ્રતિક્રમણ : કર્મોની અગ્નિપરીક્ષા

**(પાના નં. ૧૦ પરથી ચાલુ...)**

વૃદ્ધાએ ઉત્તર આપ્યો, ''ભાઈ, ઝૂંપડીમાં મારી સોંય ખોવાઈ છે, પણ અહીંયા પ્રકાશ હોવાથી અહીં ખોળું છું.''

રાહદારીએ કહ્યું, ''અહીં સોંય શોધ્યે કંઈ નહીં વળે. ઝૂંપડીમાં પ્રકાશ કરો. તમારી સોંય તો ત્યાં પડી હતી ને ?''

આમ, વ્યક્તિ પોતાની ભૂલને જોવાને બદલે બીજાને નિમિત્ત બનાવીને પોતાની ભૂલને સાચી ઠેરવવાનો પ્રયાસ કરતી હોય છે.

તો આવી છટકણી ભૂલને પકડવી કઈ રીતે ? એને જાણવાનો સાચો રસ્તો કયો ? સૌ પ્રથમ તો સંજોગો, નિમિત્તો કે અન્યને દોષ દેવાને બદલે થયેલી ભૂલ બદલ પોતાની જાતને દોષિત ગણવી જોઈએ. અબ્રાહમ લિંકને ચૂંટણીમાં વારંવાર મળેલી હારને માટે પોતાની જાતને જવાબદાર માની હતી.

આ ભૂલ કરનાર કોઈ બીજો છે અને હું એ ભૂલનાં ફળ ભોગવી રહ્યો છું એમ માનવું ખોટું છે. કારણ એટલું જ કે ભૂલ એ વ્યક્તિએ કરેલાં કર્મોનું પરિણામ છે. એણે એવાં કર્મો કર્યા કે જેને પરિણામે આ ભોગવવાનું આવ્યું. આથી ભૂલને શોધવા માટે વ્યક્તિએ પોતાના કર્મોની તપાસ કરવી જોઈએ. પ્રતિક્રમણ આ જ વાત કરે છે. એ વ્યક્તિને એના દોષને માટે એને માફી માગવાનું કહે છે. એના દોષ કોઈ અન્યને કારણે થયા છે એમ ક્યાંય કહેતું નથી. એટલે વ્યક્તિ પોતાની ભૂલને જોવાનો પ્રયત્ન કરે, ત્યારે એણે પોતાના કર્મોની અગ્નિપરીક્ષા પસાર કરવી જોઈએ. ■ ■ ■

# આપણા વૃક્ષ પર સુખનું ફૂલ બેસશે જ એવું ચોક્કસ કહી ના શકાય

**ધૂની માંડલિયા**

સુખ એ માનવજીવનનો સૌથી અટપટો શબ્દ છે. સુખ એટલે અનુકૂળતા ? અનુકૂળતા કાયમી નથી હોતી તો ક્ષણિક સાનુકૂળ ભાવ એ સુખ ? સુખ એટલે સમૃદ્ધિ, સાહ્યબી ? સ્પષ્ટ ઉત્તર મળતા નથી. સુખ શબ્દ સૌ પ્રથમ કોણે પ્રયોજ્યો ? જેણે પ્રયોજ્યો હશે તેને ખરેખર કેવી લાગણી અનુભવી હશે એ વિશે આપણે કશું જાણતા નથી. જે અનુભવ્યું હશે એ સુખ એવું કયા આધારે નક્કી કર્યું હશે ? શું સુખ જ માનવજીવનનું અંતિમ સત્ય છે ? જો એમ ના હોય તો દરેક માણસ એની પાછળ દોટ શું કામ મૂકે છે ?

સંતો જે સુખની વાત કરે છે એ જ સુખ પાછળ તમે દોડો છો ? તમારું સુખ અને સંતોનું સુખ અલગ અલગ છે ? સુખ માટેની દરેકની વ્યાખ્યા અલગ અલગ છે. સુખનો સંબંધ માત્ર સુખની સાથે નથી, દુઃખ સાથે પણ છે. મન સાથે પણ છે. વિજ્ઞાનની ભાષામાં વાત કરીએ તો સુખ એ એક અપેક્ષિત લાગણી છે. સુખના અનુભવો મારી જિંદગીને હરીભરી જરૂર કરે છે, પણ દુઃખના અનુભવો એને વિકાસ ભણી દોરી જાય છે. એનો અર્થ એવો નથી કે આપણે સામે ચાલીને દુઃખને નોંતરીએ. તાત્પર્ય માત્ર એટલું જ કે દુઃખ આવે ત્યારે તેનો પૂરતો લાભ ઉઠાવીએ. તેમાંથી શીખીએ.

સુખની સમજ માણસે માણસે અલગ અલગ છે. આગલા દિવસની રોટલીથી તમને સુખ નથી મળતું પણ બે દિવસના ભૂખ્યા ભિખારી માટે એ રોટલી સુખનો ટુકડો છે. ભાન ખોઈ બેભાન થઈ જવું એ સુખ નથી પણ વેદનાથી કણસતા માણસ માટે બેભાનાવસ્થા સુખ છે. સુખનો આધાર દુઃખની માત્રા પર છે. માણસ જેટલું દુઃખ વેઠે એટલું સુખ મળે છે. આખી જિંદગી ઢસરડા કરી જીવન ગુજારનારને જો બે હજારની નોકરી મળે ત્યારે તેને અનહદ સુખ મળતું હોય છે. વ્યક્તિના સંજોગો અને સમજ સુખની વ્યાખ્યા ઘડતા હોય છે. માણસ પાસે અઢળક સંપત્તિ હોય, બધાં ભૌતિક સાધનો ઘરમાં હાજર હોય માટે એ માણસ સુખી જ છે એમ ખાતરીપૂર્વક કહી ના શકાય. સમૃદ્ધિ, સંતોષ, અપેક્ષા, સંબંધ આ બધા જ શબ્દો સુખના સંદર્ભમાં ભ્રામક છે.

ફિલસૂફો એવું કહે છે કે સુખ ભોગસામગ્રીમાં નથી. સુખ-દુઃખ તો પોતાની કલ્પનામાં છે. સુખ-દુઃખ એ કેવળ મનોવિહાર છે. આ ફિલસૂફો પોતાની વાતના સમર્થનમાં એવું દૃષ્ટાંત આપે છે કે એક માણસ પાસે બે માળનું મકાન છે પણ તેના મકાનની જમણી બાજુએ પાંચ માળનો બંગલો છે અને ડાબી બાજુએ એક ઝૂંપડું છે. જ્યારે જમણી બાજુએ નજર કરે છે ત્યાં પોતાને દુઃખી મહેસૂસ કરે છે અને ડાબી બાજુએ નજર કરે છે ત્યારે પોતે સુખી છે એમ માને છે. એટલે સુખ-દુઃખ ભોગસામગ્રીમાં નથી પણ પોતપોતાની કલ્પનામાં છે.

તમે પોતે જ તમારા સુખ કે દુઃખનું વર્તુળ દોરો છો પણ પછી એ વર્તુળ મોટું થતું જાય છે ત્યારે તમે બેધ્યાન રહો છો. તમને પ્રશ્નો ઊભા કરવામાં, વધુ પડતા પૃથ્થકરણમાં, ચર્ચા-વિવાદમાં વધુ રસ છે. જિંદગીના ઘણા આયામ છે. એ અખિલાઈમાં જીવવાની અલૌકિક ચીજ છે. એને પ્રશ્નોથી પજવો નહીં પૃથ્થકરણથી પીસો નહીં. જીવન ઝરણાંની જેમ વહેતું રહે તો એ સુખ જ છે. પુષ્પપ્રેમી પતંગિયાની પાંખોની રંગોની રસખાણ બસ નિર્લેપ ભાવે જોયા કરો. તમે ખુદ રસમય બની જશો, પણ

**(અનુસંધાન પાના નં. ૨૩ પર...)**

# ઉદય (કર્મોદય)

**સંકલન : નવનીતભાઈ પી. શાહ, ચેન્નઈ**

**(આધાર : શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત)**

**(૧)** વિષયાદિ ઈચ્છિત પદાર્થ ભોગવી તેથી નિવૃત્ત થવાની ઈચ્છા રાખવી અને તે ક્રમે પ્રવર્તવાથી આગળ પર તે વિષયમૂર્ચ્છા ઉત્પન્ન થવી ન સંભવે એમ થવું કઠણ છે, કેમ કે જ્ઞાનદશા વિના વિષયનું નિર્મૂળપણું થવું સંભવતું નથી. માત્ર ઉદય વિષયો ભોગવ્યાથી નાશ થાય, પણ જો જ્ઞાનદશા ન હોય તો ઉત્સુક પરિણામ, વિષય આરાધતાં ઉત્પન્ન થયા વિના ન રહે; અને તેથી વિષય પરાજિત થવાને બદલે વિશેષ વર્ધમાન થાય. જેને જ્ઞાનદશા છે તેવા પુરુષો વિષયાકાંક્ષાથી અથવા વિષયનો અનુભવ કરી તેથી વિરક્ત થવાની ઈચ્છાથી તેમાં પ્રવર્તતા નથી, અને એમ જો પ્રવર્તવા જાય તો જ્ઞાનને પણ આવરણ આવવા યોગ્ય છે. માત્ર પ્રારબ્ધ સંબંધી ઉદય હોય એટલે છૂટી ન શકાય તેથી જ જ્ઞાનીપુરુષની ભોગપ્રવૃત્તિ છે. તે પણ પૂર્વપશ્ચાત્ પશ્ચાત્તાપવાળી અને મંદમાં મંદ પરિણામસંયુક્ત હોય છે. સામાન્ય મુમુક્ષુ જીવ વૈરાગ્યના ઉદ્ભવને અર્થે વિષય આરાધવા જતાં તો ઘણું કરી બંધાવા સંભવ છે, કેમ કે જ્ઞાનીપુરુષ પણ તે પ્રસંગોને માંડ માંડ જીતી શક્યા છે, તો જેની માત્ર વિચારદશા છે, એવા પુરુષનો ભાર નથી કે તે વિષયને એવા પ્રકારે જીતી શકે. **(આંક - ૫૯૧)**

**(૨)** તીવ્ર વૈરાગ્યવાનને, જે ઉદયના પ્રસંગ શિથિલ કરવામાં ઘણી વાર ફળીભૂત થાય છે, તેવા ઉદયના પ્રસંગ જોઈ ચિત્તમાં અત્યંત ઉદાસપણું આવે છે. આ સંસાર કયા કારણે પરિચય કરવા યોગ્ય છે ? તથા તેની નિવૃત્તિ ઈચ્છનાર એવા વિચારવાનને પ્રારબ્ધવશાત્ તેનો પ્રસંગ રહ્યા કરતો હોય તો તે પ્રારબ્ધ બીજે કોઈ પ્રકારે ત્વરાએ વેદી શકાય કે કેમ ? તે તમે તથા શ્રી ડુંગર વિચાર કરીને લખશો.

જે તીર્થંકરે જ્ઞાનનું ફળ વિરતિ કહ્યું છે, તે તીર્થંકરને અત્યંત ભક્તિએ નમસ્કાર હો !

નહીં ઈચ્છવામાં આવતાં છતાં જીવને ભોગવવું પડે છે, એ પૂર્વકર્મનો સંબંધ યથાર્થ સિદ્ધ કરે છે. એ જ વિનંતી. **(આંક - ૬૦૬)**

**(૩)** જે પુરુષની જ્ઞાનદશા સ્થિર રહેવા યોગ્ય છે, એવા જ્ઞાનીપુરુષને પણ સંસારપ્રસંગનો ઉદય હોય તો જાગૃતપણે પ્રવર્તવું ઘટે છે, એમ વીતરાગે કહ્યું છે, તે અન્યથા નથી; અને આપણે સૌએ જાગૃતપણે પ્રવર્તવું કરવામાં કંઈ શિથિલતા રાખીએ તો તે સંસારપ્રસંગથી બાધ થતાં વાર ન લાગે, એવો ઉપદેશ એ વચનોથી આત્મામાં પરિણામી કરવા યોગ્ય છે, એમાં સંશય ઘટતો નથી. પ્રસંગની સાવ નિવૃત્તિ અશક્ય થતી હોય તો પ્રસંગ સંક્ષેપ કરવો ઘટે, અને ક્રમે કરીને સાવ નિવૃત્તિરૂપ પરિણામ આણવું ઘટે, એ મુમુક્ષુ પુરુષનો ભૂમિકાધર્મ છે. સત્સંગ, સત્શાસ્ત્રના યોગથી તે ધર્મનું આરાધન વિશેષે કરી સંભવે છે. **(આંક - ૬૧૩)**

**(૪)** ત્યાગની વારંવાર વિશેષ જિજ્ઞાસા છતાં, સંસાર પ્રત્યે વિશેષ ઉદાસીનતા છતાં, કોઈ એક પૂર્વકર્મના બળવાનપણાથી જે જીવ ગૃહસ્થાવાસ ત્યાગી શકતા નથી, તે પુરુષ ગૃહસ્થાવાસમાં કુટુંબાદિના નિર્વાહ અર્થે જે કંઈ પ્રવૃત્તિ કરે છે, તેમાં તેનાં પરિણામ જેવાં જેવાં વર્તે છે, તે તે પ્રમાણે બંધાદિ થાય. મોહ છતાં અનુકંપા માનવાથી કે પ્રમાદ છતાં ઉદય માનવાથી કંઈ કર્મબંધ ભૂલથાપ ખાતો નથી. તે તો યથાપરિણામ બંધપણું પામે છે. કર્મના સૂક્ષ્મ પ્રકારોને મતિ વિચારી ન શકે તો પણ શુભ

અને અશુભ કર્મ સફળ છે, એ નિશ્ચય જીવે વિસ્મરણ કરવો નહીં. **(આંક - ૭૭૩)**

**(૫)** અસારભૂત વ્યવહાર સારભૂત પ્રયોજનની પેઠે કરવાનો ઉદય વર્ત્યા છતાં જે પુરુષો તે ઉદયથી ક્ષોભ ન પામતાં સહજભાવ સ્વધર્મમાં નિશ્ચળપણે રહ્યા છે, તે પુરુષોના ભીષ્મવ્રતનું વારંવાર સ્મરણ કરીએ છીએ. **(આંક - ૭૮૮)**

**(૬)** પ્ર. ઉદયકર્મ કોને કહીએ ?

ઉ. ઐશ્વર્યપદ પ્રાપ્ત થતાં તેને ધક્કો મારીને પાછું કાઢે કે, 'આ મારે જોઈતું નથી; મારે આને શું કરવું છે ?' કોઈ રાજા પ્રધાનપણું આપે તો પણ પોતે લેવા ઇચ્છે નહીં. 'મારે એને શું કરવું છે ? ઘરસંબંધીની આટલી ઉપાધિ થાય તો ઘણી છે.' આવી રીતે ના પાડે; ઐશ્વર્યપદની નિરિચ્છા છતાં રાજા ફરી ફરી આપવા ઇચ્છે તેને લીધે આવી પડે, તો તેને વિચાર થાય કે 'જો તારે પ્રધાનપણું હશે તો ઘણા જીવોની દયા પળાશે, હિંસા ઓછી થશે, પુસ્તકશાળાઓ થશે, પુસ્તકો છપાવાશે.' એવા ધર્મના કેટલાક હેતુ જાણીને વૈરાગ્યભાવનાએ વેદે તેને ઉદય કહેવાય. ઇચ્છાસહિત ભોગવે, અને ઉદય કહે તે તો શિથિલતાના અને સંસાર રઝળવાના હેતુ થાય. **(ઉપદેશછાયા - આંક ૪)**

**(૭)** પોતે ત્યાગ કરી શકે નહીં, અને બહાનાં કાઢે કે મારે અંતરાયો ઘણા છે. ધર્મનો પ્રસંગ આવે ત્યારે 'ઉદય' છે એમ કહે. 'ઉદય ઉદય' કહ્યા કરે, પણ કાંઈ કૂવામાં પડતો નથી. ગાડામાં બેઠો હોય, અને ઘાંચ આવે તો સાચવી સંભાળીને ચાલે, તે વખતે ઉદય ભૂલી જાય. અર્થાત્ પોતાની શિથિલતા હોય તેને બદલે ઉદયનો દોષ કાઢે છે, એમ અજ્ઞાનીની વર્તના છે. **(ઉપદેશછાયા - આંક ૭)**

**(૮)** આ સર્વ વિભાવયોગ મટ્યા વિના અમારું ચિત્ત બીજા કોઈ ઉપાયે સંતોષ પામે એમ લાગતું નથી.

તે વિભાવયોગ બે પ્રકારે છે : એક પૂર્વે નિષ્પન્ન કરેલો એવો ઉદયસ્વરૂપ, અને બીજો આત્મબુદ્ધિએ કરી રંજનપણે કરવામાં આવતો ભાવસ્વરૂપ.

આત્મભાવે વિભાવ સંબંધી યોગ તેની ઉપેક્ષા જ શ્રેયભૂત લાગે છે. નિત્ય તે વિચારવામાં આવે છે, તે વિભાવપણે વર્તતો આત્મભાવ ઘણો પરિક્ષીણ કર્યો છે, અને હજી પણ તે જ પરિણતિ વર્તે છે.

તે સંપૂર્ણ વિભાવયોગ નિવૃત્ત કર્યા વિના ચિત્ત વિશ્રાંતિ પામે એમ જણાતું નથી, અને હાલ તો તે કારણે કરી વિશેષ ક્લેશ વેદન કરવો પડે છે, કેમ કે ઉદય વિભાવક્રિયાનો છે અને ઇચ્છા આત્મભાવમાં સ્થિતિ કરવાની છે. **(હાથનોંધ - ૧)**

તથાપિ એમ રહે છે કે, ઉદયનું વિશેષ કાળ સુધી વર્તવું રહે તો આત્મભાવ વિશેષ ચંચળ પરિણામને પામશે; કેમ કે આત્મભાવ વિશેષ સંધાન કરવાનો અવકાશ ઉદયની પ્રવૃત્તિને લીધે પ્રાપ્ત ન થઈ શકે, અને તેથી તે આત્મભાવ કંઈ પણ અજાગૃતપણાને પામે.

જે આત્મભાવ ઉત્પન્ન થયો છે, તે આત્મભાવ પર જો વિશેષ લક્ષ કરવામાં આવે તો અલ્પ કાળમાં તેનું વિશેષ વર્ધમાનપણું થાય, અને વિશેષ જાગૃતાવસ્થા ઉત્પન્ન થાય, અને થોડાકાળમાં હિતકારી એવી ઉગ્ર આત્મદશા પ્રગટે, અને જો ઉદયની સ્થિતિ પ્રમાણે ઉદયનો કાળ રહેવા દેવાનો વિચાર કરવામાં આવે તો હવે આત્મશિથિલતા થવાનો પ્રસંગ આવશે, એમ લાગે છે; કેમ કે દીર્ઘકાળનો આત્મભાવ હોવાથી અત્યાર સુધી ઉદયબળ ગમે તેવું છતાં તે આત્મભાવ હણાયો નથી, તથાપિ કંઈક કંઈક તેની અજાગૃતાવસ્થા થવા દેવાનો વખત આવ્યો છે; એમ છતાં પણ હવે કેવળ ઉદય પર ધ્યાન આપવામાં આવશે તો શિથિલભાવ ઉત્પન્ન થશે. **(હાથનોંધ ૧, પૃષ્ઠ ૯૨)**

જ્ઞાની પુરુષો ઉદયવશ દેહાદિ ધર્મ નિવર્તે

છે. એ રીતે પ્રવૃત્તિ કરી હોય તો આત્મભાવ હણાવો ન જોઈએ; એ માટે તે વાત લક્ષ રાખી ઉદય વેદવો ઘટે છે, એમ વિચાર પણ હમણાં ઘટતો નથી, કેમ કે જ્ઞાનમાં તારતમ્ય કરતાં ઉદયબળ વધતું જોવામાં આવે તો જરૂર ત્યાં જ્ઞાનીએ પણ જાગૃત દશા કરવી ઘટે, એમ શ્રી સર્વજ્ઞે કહ્યું છે. **(હાથનોંધ - ૧ (૩૮))**

**(૯)** મૌનદશા ધારણ કરવી ?

વ્યવહારનો ઉદય એવો છે કે તે ધારણ કરેલી દશા લોકોને કષાયનું નિમિત્ત થાય, તેમ વ્યવહારની પ્રવૃત્તિ બને નહીં.

ત્યારે તે વ્યવહાર નિવૃત્ત કરવો ?

તે પણ વિચારતાં બનવું કઠણ લાગે છે, કેમ કે તેવી કંઈક સ્થિતિ વેદવાનું ચિત્ત રહ્યા કરે છે. પછી તે શિથિલતાથી, ઉદયથી કે પરેચ્છાથી કે સર્વજ્ઞ દૃષ્ટથી, એમ છતાં પણ અલ્પકાળમાં આ વ્યવહારને સંક્ષેપ કરવા ચિત્ત છે.

તે વ્યવહાર કેવા પ્રકારે સંક્ષેપ થઈ શકશે ?

કેમ કે તેનો વિસ્તાર વિશેષપણે જોવામાં આવે છે. વ્યાપારસ્વરૂપે, કુટુંબપ્રતિબંધે, યુવાવસ્થાપ્રતિબંધે, દયાસ્વરૂપે, વિકારસ્વરૂપે, ઉદયસ્વરૂપે - એ આદિ કારણે તે વ્યવહાર વિસ્તારરૂપ જણાય છે.

ઉદયબળે પ્રાપ્ત થયો એવો પરિચય માત્ર પરિચય, એમ કહેવામાં કંઈ બાધ છે ? તે પરિચયને વિષે વિશેષ અરુચિ રહે છે, તે છતાં તે પરિચય કરવો રહ્યો છે. તે પરિચયનો દોષ કહી શકાય નહીં, પણ નિજદોષ કહી શકાય. અરુચિ હોવાથી ઇચ્છારૂપ દોષ નહીં કહેતાં ઉદયરૂપ દોષ કહ્યો છે. **(હાથનોંધ - ૧ (૩૯))**

**(૧૦)** હે જીવ ! અસારભૂત લાગતા એવા આ વ્યવસાયથી હવે નિવૃત્ત થા, નિવૃત્ત !

તે વ્યવસાય કરવાને વિષે ગમે તેટલો બળવાન પ્રારબ્ધોદય દેખાતો હોય તો પણ તેથી નિવૃત્ત થા, નિવૃત્ત !

જો કે શ્રી સર્વજ્ઞે એમ કહ્યું છે કે ચૌદમે ગુણઠાણે વર્તતો એવો જીવ પણ પ્રારબ્ધ વેદ્યા વિના મુક્ત થઈ શકે નહીં, તો પણ તું તે ઉદયનો આશ્રયરૂપ હોવાથી નિજ દોષ જાણી તેને અત્યંત તીવ્રપણે વિચારી તેથી નિવૃત્ત થા, નિવૃત્ત !

કેવળ માત્ર પ્રારબ્ધ હોય, અને અન્ય કર્મદશા વર્તતી ન હોય તો તે પ્રારબ્ધ સહેજે નિવૃત્ત થવા દેવાનું બને છે, એમ પરમ પુરુષે સ્વીકાર્યું છે, પણ તે કેવળ પ્રારબ્ધ ત્યારે કહી શકાય કે જ્યારે પ્રાણાંતપર્યંત નિષ્ઠાભેદદૃષ્ટિ ન થાય, અને તને સર્વ પ્રસંગમાં એમ બને છે, એવું જ્યાં સુધી કેવળ નિશ્ચય ન થાય ત્યાં સુધી શ્રેય એ છે કે, તેને વિષે ત્યાગબુદ્ધિ ભજવી, આ વાત વિચારી હે જીવ ! હવે તું અલ્પકાળમાં નિવૃત્ત થા, નિવૃત્ત ! **(હાથનોંધ - ૧ (૪૪))** ■ ■ ■

## सद्‌गुरु वचन माहात्म्य

**रचयिता : बा.ब्र. अलकाबहन**

करो निशदिन गुरुवचन आराधन (२)
भव तिरने का सुगम ये साधन (२)
**वचन आराधन, वचन आराधन...**

निशदिन गुरु चरणन को धोई,
चरणामृत को शीश चढाई,
इह विधि करो सब पाप विराधन... भव...
**वचन आराधन...**

वचन गुरुवर के कभी ना विसारो,
कहे गुरुवर सो ही हृदय में धारो,
इह विधि करो सत्संग समागम... भव...
**वचन आराधन...**

प्रेम परम गुरु वचन में राखो,
ध्यान अखण्ड गुरु चरणमें ध्यावों,
करो तन-मन-धन सर्व समर्पण... भव...
**वचन आराधन...**

# સમાજ-સંસ્થા દર્શન

## ગુરુપૂર્ણિમાની શિબિરમાં પધારવા નિમંત્રણ

સંસ્થામાં ગુરુપૂર્ણિમાના પર્વ નિમિત્તે તા. ૧૮-૭-૨૦૧૬ થી તા. ૨૦-૭-૨૦૧૬ - ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજ્યશ્રી આત્માનંદજીની શુભ નિશ્રામાં શિબિર યોજાશે. શિબિર દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ તથા બા.બ્ર.આદ.શ્રી સુરેશજીના સ્વાધ્યાય, આદ.શ્રી હર્ષદભાઈ પંચાલની ભક્તિ, યોગાચાર્ય દ્વારા યોગાસન - પ્રાણાયામ જેવા અનેક વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાશે.

**નૂતન પ્રતિમાજીનો સ્થાપના મહોત્સવ :** તા. ૨૦-૭-૨૦૧૬ના બુધવારના શુભ દિને સંસ્થાના જિનમંદિર તથા સ્વાધ્યાયહૉલમાં શ્રી ચંદ્રપ્રભુ તથા શ્રી મહાવીર પ્રભુની પ્રતિમાજીનો સ્થાપના મહોત્સવ યોજાશે. આ ઉપરાંત સ્વાધ્યાયહૉલમાં તીર્થરાજ શ્રી સમ્મેદ્‌શિખર તથા શ્રી પાલિતાણાના સુંદર ચિત્રપટોની સ્થાપના થશે. પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રા તથા બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈના સાન્નિધ્યમાં આ મંગળ પ્રસંગની ઉજવણી થશે. પ્રતિષ્ઠાચાર્ય શ્રી પ્રદીપજી (મધુર) આ પ્રસંગે વિધિ-વિધાન-અનુષ્ઠાન કરાવશે. આ પાવન પ્રસંગે કુંભયાત્રા, વેદીશુદ્ધિ, વેદીન્યાસ, અભિષેક, વિધાન, ભગવાનની સ્થાપના તથા આરતી યોજાશે. આ શુભ અને પાવનકારી પ્રસંગોમાં સહભાગી બનવા ઇચ્છતા ધર્મપ્રેમી મુમુક્ષુઓને આદ.શ્રી નવીનભાઈ શાહ (મુંબઈ) મો. ૦૯૩૨૨૬૮૬૮૭૧ અથવા આદ.બા.બ્ર.અલકાબેન મો. ૯૪૨૭૬૭૯૭૬૮નો સંપર્ક કરવા વિનંતી છે. શિબિરમાં પધારવા સૌને ભાવભર્યું નિમંત્રણ છે. આપના આગમનની જાણ અગાઉથી સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી છે.

## સંસ્થામાં થાઈરોઈડ નિદાન કેમ્પનું આયોજન

આપણી સંસ્થા દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે Abbot કંપનીના સહયોગથી તા. ૧૭-૭-૨૦૧૬ ને રવિવારના રોજ બપોરે ૧૨ થી ૩ કલાક દરમિયાન રાહત દરે થાઈરોઈડ રોગનિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ સમય દરમિયાન રૂા. ૫૦/-ના રાહત દરે TSH ટેસ્ટ કરી, બે દિવસમાં રીપોર્ટ સંસ્થામાં પહોંચાડી આપવામાં આવશે. જે સેમ્પલમાં TSH નો રીપોર્ટ ઓછો કે વધારે આવે તે સેમ્પલમાંથી જ T3 અને T4 ના રીપોર્ટ કોઈપણ અન્ય ચાર્જ વિના કરી આપી, બે દિવસમાં સંસ્થામાં રીપોર્ટ પહોંચાડી દેવાશે. સામાન્યતઃ પ્રાઈવેટ લેબોરેટરીમાં આ ટેસ્ટનો ચાર્જ રૂા. ૬૦૦/- થી રૂા. ૮૦૦/-ની નજીક થાય છે.

આ કેમ્પ માટે આર્થિક સહયોગ સ્વ. સુધાબેન કુમુદભાઈ મહેતા (મુંબઈ)ની પુણ્યસ્મૃતિમાં આદ.શ્રી કુમુદભાઈ મહેતા તરફથી સાંપડ્યો છે, તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

ઉપરોક્ત કેમ્પનો લાભ લેવા સૌને વિનંતી છે.

### સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળનું S.S.C.નું ૧૦૦% પરિણામ

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદ-ધામ' ગુરુકુળના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનું બોર્ડનું પરિણામ ૧૦૦% આવેલ છે; જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક | ક્રમ | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક |
|---|---|---|---|---|---|
| ૧. | ખેરાલિયા અક્ષય વી. | ૯૭.૭૭ | ૮. | આલ અજય એમ. | ૮૯.૦૩ |
| ૨. | સોલંકી સુનિલ ડી. | ૯૫.૩૦ | ૯. | પટેલ નીરવ એન. | ૮૮.૫૧ |
| ૩. | પટેલ સચિન આર. | ૯૪.૨૮ | ૧૦. | પ્રજાપતિ ચિરાગ એમ. | ૮૦.૮૯ |
| ૪. | લાડુમોર હસમુખ એચ. | ૯૨.૮૭ | ૧૧. | પ્રજાપતિ ધ્રુવિલ એસ. | ૬૯.૮૯ |
| ૫. | મેર વિશાલ ડી. | ૯૦.૫૮ | ૧૨. | જાળોંધરા સાગર એમ. | ૬૯.૫૪ |
| ૬. | લાડુમોર નીતિન એચ. | ૮૯.૯૨ | ૧૩. | રાઠોડ દર્શન આર. | ૬૮.૩૪ |
| ૭. | સોલંકી રુધિર ડી. | ૮૯.૮૨ | | | |

S.S.C. ની પરીક્ષામાં સફળતા મેળવવા બદલ ઉપરોક્ત વિદ્યાર્થીઓ, ગૃહપતિ આદ. શ્રી નરેશભાઈ તથા ગુરુકુળ કમિટિને સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.

## સંસ્થાના સ્થાપનાદિન નિમિત્તે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

વૈશાખ સુદ દશમ ભગવાન શ્રી મહાવીરનો કેવળજ્ઞાન કલ્યાણકદિન, તે આપણી મૂળ સંસ્થા ‘શ્રી સત્શ્રુત સેવા-સાધના કેન્દ્ર’નો સ્થાપના દિન છે. સંસ્થાના ૪૨મા સ્થાપના દિન નિમિત્તે સવારે શ્રી મહાવીર ભગવાનની પૂજા કરવામાં આવી હતી. પૂજ્યશ્રી આત્માનંદજીએ સંસ્થાના ઇતિહાસની રસપ્રદ શૈલીમાં માહિતી આપી હતી. રાત્રે સૌ મુમુક્ષુઓએ ભાવવાહી ભક્તિ કરી હતી.

## પૂજ્યશ્રી લઘુરાજ સ્વામીજીના દેહોત્સર્ગ દિન નિમિત્તે સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

વૈશાખ સુદ આઠમ એટલે પૂજ્ય લઘુરાજસ્વામીજીનો દેહોત્સર્ગ દિન. આ દિવસે આપણી સંસ્થામાં આદ. બા. બ્ર. શ્રી અલકાબેને ‘અર્વાચીન જૈન જ્યોતિર્ધરો’માંથી પૂજ્ય લઘુરાજસ્વામીજીનું જીવનચરિત્ર વાંચીને સમજાવ્યું હતું. રાત્રે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, કુકમાથી પ્રગટ થયેલ પૂજ્ય લઘુરાજસ્વામીના જીવનદર્શન વિષયક વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી.

## કુકડિયા ગામમાં સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

તા. ૩૦-૪-૨૦૧૬ને શનિવારે કુકડિયા ગામમાં પૂજ્ય લાલજીબાપા પ્રેરિત વણકર મહિલા મંડળ દ્વારા સત્સંગનું આયોજન ભક્તિભાવપૂર્વક કરવામાં આવ્યું હતું. કોબાથી પૂજ્ય બહેનશ્રી, આદ.શ્રી અશોકભાઈ, આદ.બા.બ્ર. શ્રી સુરેશજી, આદ.બા.બ્ર.શ્રી જનકબેન કોબાથી નીકળી સવારે ૯-૩૦ વાગે કુકડિયા પહોંચ્યા હતા. ત્યાં સૌએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. ખેડબ્રહ્માથી આદ.બા.બ્ર.શ્રી વંદનાબેન ગોસ્વામી પણ સત્સંગ અર્થે પધાર્યા હતા.

પૂજ્ય બહેનશ્રીએ શ્રી પુષ્પમાળાનું પ્રથમ વાક્ય “રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું...”ના આધારે આત્મજાગૃતિ રાખવા વિશે ઉદ્બોધન કર્યું હતું. આદ. બહેનશ્રી વંદનાબેને શ્રીમદ્ ભગવદ્ગીતાના આધારે ઉદ્બોધન કર્યું હતું.

આદ. શ્રી અશોકભાઈ શાહે “ધરમ કરત સંસાર સુખ, ધરમ કરત નિર્વાણ...” એ પદના આધારે દૃષ્ટાંત દ્વારા જીવનમાં ધર્મનું માહાત્મ્ય સમજાવ્યું હતું.

આદ.બા.બ્ર.શ્રી સુરેશજીએ જીવનો નિગોદથી અત્યારસુધીનો ઇતિહાસ બતાવી મહદ્પુણ્યના ઉદયથી આ મનુષ્યભવ મળ્યો છે તેને સફળ કરી લેવા જણાવ્યું.

સમગ્ર સત્સંગનું સંચાલન આદ.શ્રી કિરણભાઈ જાદવે કર્યું હતું. આવા સુંદર આયોજન માટે સંસ્થા મહિલામંડળને ધન્યવાદ આપે છે તથા પૂજ્યશ્રી સૌને શુભાશીર્વાદ પાઠવે છે.

## તપસ્વીની અનુમોદના



રાજકોટ સ્થાનકવાસી જૈન મોટા સંઘના કારોબારી સભ્ય, સરળ સ્વભાવી તથા ધાર્મિકવૃત્તિ ધરાવતા **આદ.શ્રી કિરીટભાઈ બી. દેસાઈ**એ ચૈત્ર માસની આયંબિલ તપની આરાધના સંપન્ન કરેલ છે. આ ઉપરાંત તેઓશ્રીએ પાંચ માસક્ષમણ, આઠ સોળભથ્થુ, આઠ વખત નવાઈ તપ, આઠ વખત અઢાઈ તપ તથા છેલ્લા ૨૦ વર્ષથી આસો તથા ચૈત્ર માસની સળંગ આખી આયંબિલ તપની આરાધના કરેલ છે. છેલ્લા ત્રણ વર્ષથી પર્યુષણ દરમિયાન તેઓ લોચવિધિ કરાવે છે. તેઓશ્રી સંઘ તથા સાધુ / સાધ્વીજીઓની વૈયાવચ્ચમાં અગ્રેસર છે. સમગ્ર કોબા પરિવાર શ્રી કિરીટભાઈને અનેકશઃ ધન્યવાદ પાઠવીને તેઓશ્રીના તપની અનુમોદના કરે છે.

## પૂનામાં ભગવાનની પ્રતિમાજી તથા પરમકૃપાળુદેવના ચિત્રપટના સ્થાપનાનો મંગલ પ્રસંગ સાનંદ સંપન્ન

પૂજ્યશ્રી સાથે થોડા મુમુક્ષુ ભાઈ-બહેનો કોબાથી તા. ૫-૫-૧૬ ના રોજ નીકળી રાત્રે પૂના પહોંચ્યા હતા. ત્યાં શ્રી હિતેશભાઈ પ્રતાપભાઈ મહેતાના નિવાસસ્થાને વિશ્રામ કરી, સવારે નીકળી પંચગીની પહોંચ્યા હતા. પંચગીનીમાં વિશ્રામ માટે આદ.શ્રી પ્રતાપભાઈ મહેતા પરિવાર તથા આદ.શ્રી સુરેશભાઈ મહેતા પરિવારે ખૂબ સારી વ્યવસ્થા કરી હતી. ત્યાં સૌ સવારે નિત્યક્રમ - ભાવપૂજા કરી, પૂજ્યશ્રી સાથે થોડો સત્સંગ કરતા હતા, તથા સાંજે આજુબાજુના સ્થળે ફરવા ગયા હતાં. એક સાંજે 'Mapro' ફેક્ટરીમાં ફરવા ગયા હતા. તેના માલિક શ્રી કાંતિભાઈ વોરા ખૂબ ધર્મપ્રેમી છે તથા પૂજ્યશ્રીથી પરિચિત છે, તેથી તેઓએ ત્યાં પ્રેમભાવપૂર્વક આવકાર આપ્યો હતો. આપણી સંસ્થા તરફથી આપણે કોબા આવવા તેઓશ્રીને આમંત્રણ આપ્યું છે.

પંચગીનીથી તા. ૯-૫-૨૦૧૬ના રોજ સવારે નીકળી બપોરે પૂના આદ.શ્રી પ્રતાપભાઈ મહેતાના નિવાસસ્થાને પહોંચી ગયા હતા. બપોરે ૪ થી ૬માં ક્ષેત્રશુદ્ધિ માટે મંત્રજાપ તથા ભાવવાહી ભક્તિ કરીને પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ તથા પરમકૃપાળુદેવના ચિત્રપટની અત્યંત ઉલ્લાસપૂર્ણ માહોલમાં સ્થાપના કરી હતી. રાત્રે દેવવંદન કરી સૌએ વિશ્રામ કર્યો હતો. તા. ૧૦-૫-૧૬ના રોજ પૂજ્ય બહેનશ્રી, આદ. ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ, આદ. ભાઈશ્રી અરૂણભાઈ તથા શ્રી હિતેશભાઈએ ઉર્લીકાંચન નેચરોપેથી સેન્ટરની મુલાકાત લીધી હતી. ત્યાંના ડૉક્ટરશ્રીએ સેન્ટર વિષે વિસ્તૃત માહિતી આપી હતી. ભારતમાં આ સૌ પ્રથમ કેન્દ્ર મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી બન્યું છે.

આદ.શ્રી પ્રતાપભાઈ મહેતા પરિવાર તથા આદ.શ્રી સુરેશભાઈ મહેતા પરિવાર ઘણા વર્ષોથી પૂજ્યશ્રી તથા સંસ્થા સાથે જોડાયેલ છે. સમગ્ર પરિવારની ધર્મભાવના અનુમોદનીય છે. તેઓના આ સુંદર આયોજન માટે સંસ્થા તરફથી ખૂબ ખૂબ ધન્યવાદ તથા પૂજ્યશ્રીના શુભાશીર્વાદ પાઠવીએ છીએ.

## નૂતન વર્ષની દિવાળી પુસ્તિકા 'જીવનકળા'

નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી શકાય તેમ જ સદ્વાચન દ્વારા સુસંસ્કારો જાગૃત થઈ શકે તે હેતુથી સંસ્થા દ્વારા દર વર્ષે દિવાળી પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવે છે. વિ.સં. ૨૦૭૩ની દિવાળી પુસ્તિકા 'જીવનકળા' પ્રગટ થશે; જેની તૈયારીઓ ચાલી રહી છે. પુસ્તિકાને સુવિચારો, વિદ્વાનોના મનનીય લેખો, સંતોના બોધવચનો, રત્નકણિકાઓ તથા જીવનોપયોગી વિવિધ માહિતીઓ દ્વારા સજાવવામાં આવી છે.

## સંસ્થામાં સંતોનું આગમન

પૂજ્યશ્રી અમીચંદજી મહારાજ, પૂજ્યશ્રી શૈલેશમુનિ મહારાજ તથા પૂજ્ય મહાસતીજી બે ઠાણા તા. ૨-૫-૨૦૧૬ના રોજ આશ્રમમાં પધાર્યા હતા. ઘણા સમય પછી તેઓ પધાર્યા તેથી સૌ મુમુક્ષુઓમાં આનંદ વર્તાતો હતો. આપણી વિનંતીને માન આપી મહારાજશ્રીએ સ્વાધ્યાયનો લાભ આપ્યો હતો. તેઓએ સૌને સાચી દૃષ્ટિ કેળવવા અનુરોધ કર્યો હતો. આપણા દોષોને કારણે આપણને શરીરનું, ધનનું, સ્વજનવિયોગનું દુઃખ આવે છે. સાધકને માટે આ બધા દુઃખ જાગૃત થવા માટે છે. સાચી દૃષ્ટિ આપણને પાપકર્મોથી બચાવે છે. શરીર, ધન, સ્વજન આદિ મને કોઈ સુખ આપી શકે નહીં. આપણે દૃષ્ટિ બદલવાની જરૂર છે - પ્રભુસ્મરણમાં જીવન વિતાવી દેવું તે જ આ મનુષ્યભવની સફળતા છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **ગુરુકુળ :** (બાળકોને શાળામાં મૂકવા-લાવવા માટે ગાડીની ખરીદી માટે)
  (૧) જય કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ — રૂ. ૧૦,૪૪,૦૦૦/-
  હસ્તે : આદ.શ્રી જયેન્દ્રભાઈ ખારાવાલા, આંબાવાડી, અમદાવાદ
- **જિનપ્રતિમા પ્રતિષ્ઠા :**
  (૧) આદ. શ્રી કુમુદભાઈ શાંતિલાલ મહેતા, અલ્ટ્રામાઉન્ટ રોડ, મુંબઈ — રૂ. ૨,૦૦,૦૦૦/-
- **શ્રી રાજકુટિર આવાસ યોજના (ત્રીજો માળ) :**
  (૧) આદ.શ્રી ભાનુમતીબેન સતિષચંદ્ર દોશી પરિવાર તરફથી — રૂ. ૩,૧૧,૦૦૦/-
  હસ્તે આદ.શ્રી હિતેશભાઈ દોશી, હીરાનંદાણી, પવઈ, મુંબઈ
  (સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ શિષ્ય, ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૩મી સમ્યક્જયંતી (૧૫-૩-૨૦૧૫)ની ઉજવણીના ભાગરૂપે તથા તેઓશ્રી પ્રત્યે અત્યંત અર્પણતા સાથે શ્રી રાજકુટિર આવાસ યોજનાના ત્રીજા માળના ડોરમેટરીના નામકરણવિધિ માટે)
- **ઓડિયો-વીડિયો વિભાગ :** (૧) આદ. શ્રી પ્રવીણભાઈ વી. મહેતા, યુ.એસ.એ. — રૂ. ૨૫,૦૦૦/-
- **યુવાશિબિર :** (૧) આદ. શ્રી દિનેશભાઈ સોમચંદ બાવીસી (રાજકોટ) — રૂ. ૫૦,૦૦૦/-
  (૨) આદ. શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર — રૂ. ૨૫,૦૦૦/-
- **છાશકેન્દ્ર :** (૧) આદ. શ્રી ડૉ. મહેન્દ્રભાઈ તથા જ્યોતિબેન નાણાવટી (યુ.એસ.એ.) — $ ૫૮૦/-
  (૨) આદ. શ્રી પ્રદીપભાઈ પદકાશી લાપસિયા
  (લાપસિયા એન્ડ એસોસિએટ્સ), મુલુંદ (વે) મુંબઈ — રૂ. ૧૦,૦૦૦/-

● **જ્ઞાનદાન :** (૧) આદ. શ્રી શકુંતલાબેન મનહરલાલ શાહ, અમદાવાદ રૂ. ૧૧,૦૦૦/-

● **સાધારણ ખાતું :** (૧) આદ. શ્રી પ્રતાપભાઈ મહેતા પરિવાર, પૂના રૂ. ૨૧,૦૦૦/-

(૨) આદ. શ્રી પ્રજ્ઞાબેન જગદીશભાઈ દોશી (યુ.એસ.એ.) રૂ. ૧૫,૦૦૦/-
(પુસ્તકાલય, મેડિકલ સેન્ટર તથા સાધારણ ખાતું)

## સંસ્થામાં ત્રિદિવસીય 'યુવા આધ્યાત્મિક વ્યક્તિત્વ વિકાસ શિબિર' સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૨૮-૫-૨૦૧૬ થી તા. ૩૦-૫-૨૦૧૬ ત્રિદિવસીય યુવાશિબિર પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં ઉલ્લાસભેર વાતાવરણમાં સંપન્ન થઈ. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગળ પ્રારંભ થયો.

યુવાશિબિર માટે આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર તથા આદ. શ્રી દિનેશભાઈ એસ. બાવીસી (રાજકોટ) તરફથી આર્થિક સૌજન્ય સંપ્રાપ્ત થયું; જે બદલ સંસ્થા તેમને અનેકશઃ ધન્યવાદ પાઠવે છે.

● **સ્વાધ્યાય : પૂજ્યશ્રી આત્માનંદજી**એ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે શિબિર દ્વારા જીવનમાં દિવ્ય પરિવર્તન લાવવાનું છે. 'તુમ કરો પુરુષાર્થ ઐસા કિ ઇસ ભવમેં હી હો આત્મજ્ઞાન.' આપણા જીવનનું પરમાર્થ ધ્યેય આત્મજ્ઞાનની પ્રાપ્તિનું હોવું જોઈએ. શિબિર એટલે જીવનસુધારણા દ્વારા આત્મસાક્ષાત્કાર માટેનો પ્રયત્ન. જેવા આપણા આત્માના પરિણામ (ભાવ) અને પુરુષાર્થ તે અનુસાર આગામી ગતિ થશે. મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે સત્પુરુષાર્થ કરવો. 'ઘડપણમાં ગોવિંદ ગાશું' — આ માન્યતા ખોટી છે, નાની વયથી ધર્મના પંથે ચાલવાનો પુરુષાર્થ કરવો. આપણે સદા સારા વિચારો કરવાં, સારા કર્મો કરવાં. મનુષ્યભવની એક ક્ષણ પણ અમૂલ્ય છે. વ્યવહારથી સમ્યગ્દર્શન એટલે સત્દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અને નિશ્ચયથી સમ્યગ્દર્શન એટલે આત્માની અનુભવાંશે શ્રદ્ધા. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સત્પુરુષનો સમાગમ અને આત્મજાગૃતિ આવશ્યક છે. જે જીવને સમ્યક્ત્વ થાય તેનો મોક્ષ નિશ્ચિત છે. માટે પોતાની શક્તિને ગોપવ્યા વિના મોક્ષપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો. સાચા હૃદયથી ભગવાનને પ્રાર્થના કરવી, તેઓની શરણાગતિ સ્વીકારવી.

પૂજ્ય પ્રમુખસ્વામીના કૃપાપાત્ર પૂજ્ય **સ્વામીશ્રી અક્ષરવત્સલજી**એ ધર્મનું સ્વરૂપ અને તેની આવશ્યકતા વિશે અનેક દૃષ્ટાંતો સહ જણાવ્યું કે આજના યુવાનોની સૌથી મોટી જરૂરિયાત આત્મશ્રદ્ધા-આત્મવિશ્વાસની છે. નાની બાબતોમાં આક્રમકતા, આત્મહત્યા તે આત્મવિશ્વાસની કમી બતાવે છે. બાહ્ય દેખાવ કરતાં અંતરંગ દેખાવ પર ધ્યાન આપો. અંતર ખોખલું છે ને બહાર સારા દેખાવા પ્રયત્ન કરીએ છીએ !

સત્સંગ તથા શિબિરો આપણામાં આત્મવિશ્વાસ પ્રેરે છે. જેને પરમાત્મા, સદ્ગુરુ અને ધર્મમાં શ્રદ્ધા હોય તેની આત્મશ્રદ્ધા મજબૂત હોય છે. આત્મશ્રદ્ધાવાળી વ્યક્તિના શબ્દકોશમાં 'ચિંતા' નામનો શબ્દ હોતો નથી. ધર્મ એ આપણો પ્રાણ છે - જીવન છે. મહાપુરુષોમાં સંયમ, શ્રદ્ધા અને ભક્તિની તાકાત હોય છે. આપણા દેશમાં જે કંઈ પણ સારું છે તે ધર્મના પ્રતાપે છે. ધર્મ અને વિજ્ઞાન એક સિક્કાની બે બાજુ જેવા છે. ધર્મમાં તર્ક કરતાં અનુભવની મુખ્યતા છે.

**પૂજ્ય બહેનશ્રી**એ 'જીવદયા' વિષયના આધારે જણાવ્યું કે જેનામાં વિવેક પ્રગટ થયો તે સાચો માનવી. દયા એ ધર્મનું મૂળ છે. આપણા નિમિત્તે કોઈને દુઃખ ન થાય તે રીતે પ્રવર્તવું. સર્વાત્મમાં સમદૃષ્ટિ કેળવી દયા રાખવી. સાચા સુખ અને શાંતિ જોઈતાં હોય તો જીવનમાં દયાને મહત્ત્વ આપવું.

**આદ.બા.બ્ર. શ્રી સુરેશજી**એ ‘ચાર ભાવના’ વિષય અંતર્ગત જણાવ્યું કે જેવા ભાવ કરીશું તેવું ફળ મળશે. વિભાવભાવો જેમ જેમ ઘટતાં જાય તેમ તેમ આત્માની શક્તિ પ્રગટ થતી જાય. મૈત્રી આદિ ચાર ભાવનાઓનો જીવનમાં પ્રયોગ કરવાથી મન પવિત્ર રહે છે. નિષ્કામ પ્રેમપૂર્વકનો પોતાપણાનો ભાવ એટલે મૈત્રી. ગુણીજનોના ગુણોની અંતરથી પ્રશંસા કરવી તે ગુણપ્રમોદ. દુઃખી જીવોના દુઃખ દૂર કરવાનો ભાવ એટલે કરુણા. દુષ્ટજનોને જોઈને હૃદયમાં તેમના પ્રત્યે દ્વેષભાવ ન જાગવો તે મધ્યસ્થતા. ‘સાચું સુખ’ વિષય અંતર્ગત તેઓશ્રીએ જણાવ્યું કે સુખની ૧૨ શ્રેણીઓ છે : ૧. બીજાને દુઃખી કરીને સુખ પામવું, ૨. બીજાને દુઃખી જોઈને સુખી થવું, ૩. નિંદારસથી ઉત્પન્ન સુખ, ૪. ઇન્દ્રિયજન્ય સુખ, ૫. કાલ્પનિક સુખ, ૬. સ્વાર્થપૂર્તિથી થતું સુખ, ૭. પ્રિયજનોની સ્વાર્થસિદ્ધિથી મળતું સુખ, ૮. કર્તવ્યની પૂર્ણતાનું સુખ, ૯. પરોપકારથી મળતું સુખ, ૧૦. પારમાર્થિક સેવાથી મળતું સુખ, ૧૧. આત્મસ્વરૂપના ચિંતવનથી પ્રાપ્ત થતું સુખ, ૧૨. અતીન્દ્રિય સુખ.

ઉપરોક્ત સુખમાંથી તામસિક સુખ (નં. ૧ થી ૩), રાજસિક સુખ (નં. ૪ થી ૮), ૩. સાત્ત્વિક સુખ (નં. ૯ થી ૧૧) અને ૪. તાત્ત્વિક સુખ (નં. ૧૨) છે. ‘વિશ્વવ્યવસ્થા’ વિષય અંતર્ગત તેઓશ્રીએ વિશ્વની રચના અને તેનું સ્વરૂપ સરળ શૈલીમાં સમજાવ્યું હતું.

સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા મુમુક્ષુવિશેષ **આદ. શ્રી અનુપમભાઈ શાહે** શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ - ૩ ‘કર્મના ચમત્કાર’ વિષયના આધારે જગતમાં જોવા મળતી વિષમતાના કારણો, પૂર્વના શુભાશુભ કર્મોના ઉદય, ભાગ્ય અને પુરુષાર્થનો સમન્વય, કર્મના સિદ્ધાંતોને જાણવાની આવશ્યકતા, કર્મોને સમભાવે વેદવાની કળા, ભાવ અનુસાર થતા કર્મબંધ વગેરે મુદ્દાઓની અનેક ઉ.દા. સહ રસપ્રદ શૈલીમાં સમજૂતી આપી હતી.

● **અભિષેક-પૂજા-ભક્તિ-સંગીત :** શિબિર દરમિયાન જિનાભિષેક તથા સંગીત સાથે પૂજા નિયમિત રીતે થયા હતા. ત્યાગી સાધકવૃંદ તથા શિબિરાર્થીઓએ ભાવવાહી ભક્તિ પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

● **જીવનવિકાસલક્ષી પ્રશ્નોત્તરી :** આ કાર્યક્રમ દરમિયાન શિબિરાર્થીઓના ધાર્મિક તથા જીવનવિકાસલક્ષી પ્રશ્નોનું આદ. બા. બ્ર.શ્રી સુરેશજીએ સુંદર સમાધાન કર્યું હતું.

● **સાત મોટા વ્યસનોનો ત્યાગ :** આદ. બા.બ્ર.શ્રી અલકાબેને ‘આર્ય સંસ્કાર અનુષ્ઠાન’ અંતર્ગત આર્ય શબ્દનો અર્થ, આર્યના ગુણો, સપ્ત મહાવ્યસનો (જુગાર, માંસાહાર, મદિરા, વેશ્યાગમન, શિકાર, ચોરી, પરસ્ત્રીગમન)ના સેવનથી થતાં નુકસાનોનું અનેક દૃષ્ટાંતો સહિત વિશદ્ અને ભાવવાહી વર્ણન કર્યું હતું. પૂજ્યશ્રી આત્માનંદજી સમક્ષ શિબિરાર્થીઓએ ૧ વર્ષ માટે ઉપરોક્ત મહાવ્યસનોના ત્યાગની પ્રતિજ્ઞા લીધી હતી.

● **ક્વીઝ :** શિબિર દરમિયાન યોજાયેલ સ્વાધ્યાય તથા સામાન્ય જ્ઞાનના આધારે ક્વીઝનો કાર્યક્રમ યોજાયો હતો; જેમાં વૈવિધ્યપૂર્ણ, ગમ્મત સાથે જ્ઞાન પીરસતા વિવિધ રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. ક્વીઝની સુંદર તૈયારી શ્રી કપિલભાઈ તથા શ્રી ભાવિનભાઈ ડેલીવાળાએ કરી હતી; જેમાં તેઓને શ્રી શરદભાઈ ડેલીવાળા, શ્રી ઈલાબેન ડેલીવાળા, બા.બ્ર.શ્રી છાયાબેન શેઠ તથા શ્રી મિતેશભાઈ શાહનો સુંદર

સહયોગ સાંપડ્યો હતો.

● **સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ધાર્મિક ફિલ્મ :** શિબિર અંતર્ગત બાળકોએ નાટકો, અભિનયગીત, વક્તવ્યો, સંસ્કૃત શ્લોકગાન જેવા કાર્યક્રમો પ્રસ્તુત કર્યા. ઉપરાંત 'એક ચીજ મિલેગી વન્ડરફુલ' નામની ધાર્મિક ફિલ્મ બતાવવામાં આવી હતી.

● **પ્રાણાયામ તથા યોગાસનો :** વડોદરાથી પધારેલા યોગાચાર્ય શ્રી વસંતકુમાર બ્રહ્મભટ્ટે સવારે શિબિરાર્થીઓને અપાનક્રિયા, ગીત-સંગીત સાથે હળવી કસરતો, યોગાસનો તથા પ્રાણાયામ કરાવ્યા હતા. નાના બાળકો માટે પણ તેઓએ અલગ રીતે ક્લાસ લીધા હતા.

● **પ્રકીર્ણ :** શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. શ્રેષ્ઠ દેખાવ કરનારા શિબિરાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા. આદ. શ્રી દિનેશભાઈ બાવીસી તરફથી બાળકો માટે ચોકલેટ, જ્યૂસ તથા ગીફ્ટની પ્રભાવના કરવામાં આવી. આદ. શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી પરિવાર તરફથી શેરડીનો રસ તથા નોટબુક - પેનની પ્રભાવના કરવામાં આવી. આદ. શ્રી ઉષાબેન કિશોરભાઈ શેઠ તરફથી પરિવારદીઠ બેગની પ્રભાવના કરવામાં આવી. પ્રજ્ઞાવંત મુમુક્ષુ આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ આભારવિધિ કરી હતી. શિબિરની પૂર્ણાહુતિ દરમિયાન શિબિરાર્થીઓના મુખારવિંદ પર આત્મિક ભાથું બાંધવાના સંતોષ સહ ભાવો દૃષ્ટિગોચર થતા હતા. શિબિરમાં કોઈ પણ પ્રકારે સહયોગ આપનાર સેવાભાવી મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે.


## પૃથ્વીના પર્યાવરણની સંભાળ લેવાના જૈનસમાજના પ્રયત્નોને બિરદાવતા પોપ

જૈન ધર્મના પ્રસારનું વિશ્વવ્યાપી કાર્ય કરતી અને ધર્મો-ધર્મો વચ્ચે થતાં સંવાદો (ઈન્ટરફેઈથ)ની ઘટનાઓમાં મહત્ત્વનો ભાગ ભજવતી આંતરરાષ્ટ્રીય જૈન સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડેલિગેશને વેટિકનની મુલાકાત લીધી અને વેટિકનની જુદા જુદા ધર્મો વચ્ચે સંવાદ સાધતી કોન્ટિફિશિયલ કાઉન્સિલ સાથે વિચારવિમર્શ કર્યો.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુભાઈ ચંદરયાની આગેવાની હેઠળ ૩૫ વ્યક્તિઓનું જૈન ડેલિગેશન વેટિકન ગયું હતું; જેમાં બ્રિટન, ભારત અને મિડલઈસ્ટના જૈન અગ્રણીઓ હતા. આ ડેલિગેશને માનવજાતિના ઘર સમાન પૃથ્વીની સંભાળ કઈ રીતે લેવી જોઈએ એ વિશે વૈચારિક આદાનપ્રદાન કર્યું. ડેલિગેશનના સભ્યો પોપ ફ્રાન્સિસને મળ્યા હતા અને એમણે આ ડેલિગેશનને સત્કારતાં કહ્યું કે આ સૃષ્ટિની સંભાળ લેવી એ આપણી સહિયારી જવાબદારી છે. સૃષ્ટિ એ તો ઈશ્વરનો અરીસો છે, પ્રકૃતિનો અરીસો છે અને આપણો પણ અરીસો છે. માતા પૃથ્વીને આપણે ચાહીએ છીએ કે જેણે આપણને જીવન અને સંરક્ષણ આપ્યું. એ પૃથ્વીએ આપણને આપણા અસ્તિત્વની યાત્રામાં સાથ આપ્યો. માતા અને બહેન પ્રત્યે આપણી જેવી જવાબદારી હોય, એવી જ જવાબદારી સમતા અને ચીવટથી આ પૃથ્વીની સંભાળ લેવાની છે.

કાર્યક્રમના સમાપનમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુભાઈ ચંદરયાએ કહ્યું કે છેલ્લા બે દાયકાથી કેથોલિક ચર્ચ સાથે પરસ્પર આદર અને મૈત્રીનું સર્જન થયું છે. હવે અમે સ્થાનિક સ્તરે પણ આ સહકારને વધુ દૃઢ બનાવવા માગીએ છીએ.


## વૈરાગ્ય સમાચાર



(૧) **કાળધર્મ પામ્યા છે :** ગોંડલગચ્છશિરોમણિ, પંડિતરત્ન, પરમ દાર્શનિક **પૂજ્યશ્રી જયંતીલાલજી મ.સા.** ૯૨ વર્ષની વયે ૭૩ વર્ષની દીક્ષાપર્યાયનું પાલન કરીને કાળધર્મ પામ્યા છે. તેઓએ સૌરાષ્ટ્ર કેસરી પૂજ્યશ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબ પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. તેઓશ્રીએ કાશીમાં વિવિધ ધર્મો, સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ તથા ષટ્દર્શનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. પૂર્વ ભારતમાં વિહાર કરીને તેઓએ ધર્મજાગૃતિ અને નવચેતનાનો સંચાર કર્યો. તેઓશ્રીની પ્રેરણાથી ૨૭ જેટલા ઉપાશ્રયોનું નિર્માણ થયું છે. તેઓએ અનેક પુસ્તકોનું સર્જન કર્યું છે. ઝારખંડ રાજ્યના પેટરબાર ગામને કેન્દ્રમાં રાખીને તેઓએ માનવસેવાના કાર્યો કર્યાં. પેટરબારમાં આંખની હૉસ્પિટલ અને શાળાની સ્થાપના કરવામાં આવી છે. તેઓએ સ્થાપેલ 'અહિંસાસંઘ' દ્વારા આદિવાસી પ્રજાના કલ્યાણના કાર્યો થઈ રહ્યા છે. સમસ્ત કોબા પરિવાર મહારાજશ્રીની સંયમયાત્રા અને સત્કાર્યોની અનુમોદના કરીને વંદન કરે છે તેમજ હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પે છે.



(૨) **દેવલાલી :** પરમકૃપાળુદેવના પરમભક્ત **આદ.શ્રી જયસિંહભાઈ**નું ૯૦ વર્ષની વયે દેહાવસાન થયું છે. કુદરતી રીતે તેમનો સુમધુર કંઠ હતો. તેમના સુમધુર સ્વરે ભાવવાહી ગવાયેલા ભક્તિપદોએ અનેક માનવીઓને પરમકૃપાળુદેવ પ્રત્યે ભક્તિ જગાવી હતી. તેઓશ્રીએ કૃપાળુદેવના સાહિત્યનો ગહન અને તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. તેને કારણે તેઓના જીવનની દિશા બદલાઈ ગઈ. ભરયુવાનીમાં સંસારના વ્યવસાયાદિ કાર્યોને ગૌણ કરી, નિવૃત્તિ લઈ દેવલાલીમાં વસ્યા. ત્યાં તેઓએ શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાયમંદિરની સ્થાપના કરી. સાદું તથા ભક્તિમય જીવન, શિસ્તબદ્ધ વ્યવહાર, શાંતભાવ જેવા સદ્ગુણોરૂપી જળથી પોતાની જીવનરૂપી લતાને નવપલ્લવિત રાખી હતી. તેઓશ્રીએ પરમકૃપાળુદેવના અનેક પદો સ્વરબદ્ધ કર્યાં છે. શ્રી આત્મસિદ્ધિ શતાબ્દી વર્ષ નિમિત્તે તેઓશ્રીએ પરમકૃપાળુદેવના હસ્તાક્ષરવાળી 'આત્મસિદ્ધિ' કોતરાવી, સોનાનો ઢાળ ચઢાવી, તેને અલગ અલગ કદમાં તૈયાર કરી અનેક સંસ્થાઓમાં ભેટરૂપે આપી હતી. બીમારી દરમિયાન પણ 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નો મંત્ર અવિરત ચાલુ રહેતો. આગામી બે-ચાર ભવોમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૩) **અમદાવાદ :** આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા અને ખાસ તો ગુરુકુળના બાળકોને નિ:સ્વાર્થભાવે શિક્ષણ અને સંસ્કાર આપતા આદ.શ્રી દેવયાનીબેન પટેલના પતિદેવ **શ્રી અરવિંદભાઈ પટેલ**નું ૭૯ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ મિલનસાર સ્વભાવના, નમ્ર અને વિનયવાન હતા. તેઓ કોબા, અગાસ અને સાગોડિયા આશ્રમમાં સત્સંગ અર્થે અવારનવાર જઈને ઘણા દિવસો રોકાતા. તેઓ નિયમિત દેવવંદન અને ક્ષમાપના કરતા. તેઓ અત્યંત નિખાલસ હતા. પરમકૃપાળુદેવ પ્રત્યે તેમને ખૂબ શ્રદ્ધા હતી. કૃપાળુદેવના ફોટા પાસે રોજ અગરબત્તીનો ધૂપ કરી દેવવંદન કરતા. તેઓએ શાંતિપૂર્વક દેહત્યાગ કર્યો. પ્રભુ તેઓના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનો પર આવી પડેલ કારમો આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૪) **અમદાવાદ :** પરમકૃપાળુદેવના પરમ ભક્ત અને સાધકવિશેષ શ્રી વસંતભાઈ કે. ખંધારનું તા. ૭-૬-૨૦૧૬ના રોજ દેહાવસાન થયું છે. વિશેષ વિગત આવતા અંકમાં...

## સંસ્થામાં યોજાયેલ 'યુવા આધ્યાત્મિક વ્યક્તિત્વ વિકાસ શિબિર' વેળાની તસવીરો
(તા. ૨૮-૫-૨૦૧૬ થી તા. ૩૦-૫-૨૦૧૬)


પૂજ્યશ્રીની પાવનનિશ્રા


પૂ. સ્વામીજી અક્ષરવત્સલજી


પૂજ્ય બહેનશ્રી


બા.બ્ર.આદ.શ્રી સુરેશજી


આદ.શ્રી અનુપમભાઈ શાહ


બા.બ્ર.આદ.શ્રી અલકાબેન


દીપ-પ્રાગટ્ય



યોગાસન-પ્રાણાયામ

## ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીના ડેલિગેશનની પોપ ફ્રાન્સિસ સાથેની મુલાકાત વેળાએ



Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 Issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## સંસ્થામાં યોજાયેલ 'યુવા આધ્યાત્મિક વ્યક્તિત્વ વિકાસ શિબિર' વેળાની તસવીરો
(તા. ૨૮-૫-૨૦૧૬ થી તા. ૩૦-૫-૨૦૧૬)

પ્રભુ-ભક્તિ





ક્વીઝ

સાંસ્કૃતિક કાર્યક્રમો









### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ
૧ **શ્રીમતી જયશ્રીબેન જ્યોતીન્દ્રભાઈ સોનેજી પરિવાર,** ટોરોન્ટો, કેનેડા
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ
૧ **સ્વ. પ્રવીણચંદ્ર જેઠાલાલ દોશીની પુણ્યસ્મૃતિમાં,** તેઓના પરિવારજનો
શ્રીમતી નીરુબેન, શ્રી મલયભાઈ, શ્રી ભક્તિબેન, શ્રી સંજયભાઈ, શ્રી ફાલ્ગુનીબેન (વાંકાનેર)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah